અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ ઓક્ટોબર ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૮

વર્ષ : ૧૬
અંક : ૧૦૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




ભારતીય નૌસેનાની વ્યૂહાત્મક અને આક્રમક શક્તિમાં વધારો થશે | સબમરીન ૯૫ ટકા સુધી સ્વદેશી હશે આ સબમરીન અરિહંત ક્લાસથી અલગ હશે

# ૪૦૦૦૦ કરોડના ખર્ચે ભારતમાં તૈયાર થશે બે પરમાણુ સબમરીન

## ભારતીય નૌસેનાની શક્તિમાં વધારો થશે : આ સબમરીનના બનવાથી નૌસેનાની શક્તિ હિંદ મહાસાગર વિસ્તાર અને દક્ષિણ ચીન સાગરમાં વધશે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

ભારત સરકારની CCS એટલે કે વડાપ્રધાનના નેતૃત્વવાળી કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટીએ બે સ્વદેશી પરમાણુ સબમરીનને બનાવવાની પરવાનગી આપી દીધી છે. તેનાથી ભારતીય નૌસેનાની વ્યૂહાત્મક અને આક્રમક શક્તિમાં વધારો થશે. આ સબમરીનના બનવાથી નૌસેનાની શક્તિ હિંદ મહાસાગર વિસ્તાર અને દક્ષિણ ચીન સાગરમાં વધી જશે. આ સબમરીનને વિશાખાપટ્ટનમના શિપ બિલ્ડિંગ સેન્ટરમાં બનાવવામાં આવશે. આને બનાવવામાં લાર્સેન એન્ડ ટુબ્રો જેવી ખાનગી કંપનીઓની મદદ પણ લેવામાં આવી શકે છે. સબમરીન ૯૫ ટકા સુધી સ્વદેશી હશે. આ સબમરીન અરિહંત ક્લાસથી અલગ હશે. આને પ્રોજેક્ટ એડવાન્સ્ડ ટૅક્નોલૉજી વેસલ હેઠળ બનાવવામાં આવશે. હજુ બે સબમરીન બનશે, તે બાદ વધુ ચાર બનાવવામાં આવી શકે છે. ભારતે તાજેતરમાં જ પોતાની બીજી SSBN એટલે કે પરમાણુ સબમરીન INS અરિહંત કમિશનની છે. આગામી વર્ષની અંદર ભારતીય નૌસેનામાં અલગ-અલગ પ્રકારના ઘણા યુદ્ધજહાજ અને સબમરીન ઉમેરાશે. આ ૧૨ યુદ્ધ જહાજોમાં ફ્રિગેટ્સ, કોર્વેટ્સ, ડેસ્ટ્રોયર્સ, સબમરીન અને સર્વે વેસલ પણ છે. નૌસેનામાં આ સામેલ થવાથી ઈન્ડિયન ઓશન રીઝન(IOR)માં સુરક્ષાનું સ્તર વધી જશે. વિશાખાપટ્ટનમ ક્લાસમાં ચાર યુદ્ધ જહાજ સામેલ છે. વિશાખાપટ્ટનમ પોતાના ક્લાસનું મુખ્ય યુદ્ધ જહાજ છે. જે આ વર્ષે ડિસેમ્બરમાં નૌસેનામાં સામેલ થશે. આમાં અમુક અપગ્રેડેશનનું કામ ચાલી રહ્યું છે. આ વર્ષે ડિસેમ્બરમાં આ ક્લાસનું આઈએનએસ સુરત પણ સામેલ છે. આ ક્લાસના ડેસ્ટ્રોયર્સમાં ૩૨ બરાક ૮ મિસાઈલો, ૧૬ બ્રહ્મોસ એન્ટી શિપ મિસાઈલ ૪ ટોર્પિડો ટ્યૂબ્સ, ૨ એન્ટી-સબમરીન રોકેટ લોન્ચર્સ, ૭ પ્રકારના ગન્સ



હોય છે. ધ્રુવ અને સી કિંગ હેલિકોપ્ટર તહેનાત છે. આ એવા યુદ્ધજહાજ છે. જેનાથી સતત બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ કલવારી ક્લાસ એટલે કે સ્કોર્પીન ક્લાસની ડીઝલ-ઈલેક્ટ્રિક એટેક સબમરીન છે. આ સબમરીન આ વર્ષે ડિસેમ્બરમાં તહેનાત થઈ જશે. આ એન્ટી-સરફેસ, એન્ટી-સબમરીન યુદ્ધમાં માહિર છે. આઈએનએસ વાઘશીર ઘણા મિશન કરી શકે છે. જેમ કે સપાટી વિરોધી યુદ્ધ, સબમરીન વિરોધી યુદ્ધ, ગુપ્ત માહિતી ભેગી કરવી, દરિયાઈ સુરંગ બનાવવી, વિસ્તાર સર્વેલન્સ વગેરે. સબમરીનને ઓપરેશન દરમિયાન તમામ સ્થિતિમાં કામ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આની લંબાઈ લગભગ ૨૨૧ ફૂટ, બીમ ૨૦ ફૂટ અને ઊંચાઈ ૪૦ ફૂટ હોય છે. પાણીની સપાટી પર તેની ગતિ ૨૦ KM પ્રતિકલાક છે. પાણીની અંદર આ ૩૭ કિ.મી પ્રતિ કલાકની સ્પીડથી ચાલે છે. આ ૫૦ દિવસ સુધી પાણીની અંદર પસાર કરી શકે છે. મહત્તમ ૩૫૦ ફૂટની ઊંડાઈ સુધી જઈ શકે છે. આમાં ૮ સૈન્ય અધિકારી અને ૩૫ સેલર તહેનાત કરવામાં આવી શકે છે. આની અંદર એન્ટી-ટોરપીડ કાઉન્ટરમેજર સિસ્ટમ લાગેલી છે. આ સિવાય ૫૩૩ મિમીના ૬ ટોરપીડો ટ્યૂબ્સ હોય છે, જેનાથી ૧૮ એસયુટી ટોરપીડોસ કે એસએમ.૩૯ એક્સોસેટ એન્ટી-શિપ મિસાઈલ લોન્ચ કરવામાં આવી શકે છે. આ સિવાય આ પાણીની અંદર ૩૦ સમુદ્રી બારુદી સુરંગ પાથરી શકે છે. આ આગામી વર્ષે જૂનમાં નેવીમાં સામેલ થશે.

## વડાપ્રધાન મોદી બે દિવસની મુલાકાતે લાઓસ પહોંચ્યા

| (એજન્સી) લાઓસ, તા.૧૦ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની મુલાકાતે લાઓસ પહોંચી ગયા છે. અહીં તેઓ ૨૧મી આસિયાન-ઈન્ડિયા સમિટ અને ૧૯મી ઈસ્ટ એશિયા સમિટમાં ભાગ લેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા લાઓસ પહોંચ્યા, ત્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પીએમ ત્યાં પહોંચતાની સાથે જ લાઓસનો ભારતીય સમુદાય પણ તેમનું સ્વાગત કરવા પહોંચી ગયો. લાઓસમાં રહેતા ભારતીયોએ ગાયત્રી મંત્ર સાથે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. જ્યારે પીએમ મોદી હોચલ પહોંચ્યા, ત્યારે લાઓસ સમુદાયના લોકોએ વિએન્ટિયનની હોટેલ ડબલ ટ્રીમાં વડાપ્રધાન મોદીનું સ્વાગત



કર્યું અને હિન્દીમાં તેમનું અભિવાદન કર્યું. વડાપ્રધાન મોદીએ વિયેતિયાનમાં લાઓસના વરિષ્ઠ બૌદ્ધ સાધુઓના આશીર્વાદ સમારોહમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ અને ૧૧ ઓક્ટોબરે લાઓસના પ્રવાસે છે. પીએમ મોદી લાઓસ પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિકના વડા પ્રધાન સોનેક્સે સિફંડનના વિશેષ આમંત્રણ પર લાઓસ પહોંચ્યા છે આ દરમિયાન પીએમ મોદી વિએન્ટિયાનમાં શિખર સંમેલન દરમિયાન ઘણા દેશોના વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરી શકે છે. PM મોદી ૨૧મી આસિયાન-ભારત અને ૧૯મી પૂર્વ એશિયા સમિટમાં ભાગ લેવા માટે વિએન્ટિઆન, લાઓ પીડીઆરની બે દિવસીય મુલાકાતે છે. આ વર્ષે ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી એક દાયકા પૂર્ણ કરી રહી છે. PMની લાઓસની બે દિવસીય મુલાકાતે રેખાંકિત કર્યું છે કે કેવી રીતે એસોસિએશન ઑફ સાઉથ-ઈસ્ટ એશિયન નેશન્સ (ASEAN) ના સભ્ય દેશો ભારતની એક્ટ ઈસ્ટ નીતિના મહત્વના સ્તંભો છે.

## નેતાઓ પક્ષના બદલે પોતાનું હિત જુએ છે : કોંગ્રેસ નેતા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

કોંગ્રેસ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં પોતાની હારનું કારણ શોધવામાં વ્યસ્ત છે. જેના ભાગરૂપે પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે એક બેઠક યોજી હતી, જેમાં રાહુલ ગાંધીએ પણ હાજરી આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરમિયાન રાહુલે ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા અને શૈલજા કુમારીનું નામ લીધા વિના મોટી વાત કહી હતી અને સ્પષ્ટતા આપી કે, નેતાઓ પક્ષના બદલે પોતાનું હિત જુએ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં રાહુલ ગાંધીએ કોઈ પણ નેતાનું નામ લીધા વિના કહ્યું કે, હરિયાણામાં નેતાઓએ ભારે રૂચિ દર્શાવી પરંતુ પક્ષનું હિત જોયું



નહીં. તેઓ પોતાના હિત માટે જ કામ કરતાં રહ્યા. બેઠક અંગે માહિતી આપતાં કોંગ્રેસના નેતા અજય માકને જણાવ્યું હતું કે, પરિણામો બાદ અમે સમીક્ષા બેઠક યોજી હતી. તમામ એક્ઝિટ પોલ અમને જીત બતાવી રહ્યા હતા, અમને જીતનો વિશ્વાસ હતો. પરંતુ અમે હાર્યા, જેની સમીક્ષા કરવામાં આવી અને ઈવીએમ, નેતાઓ વચ્ચેના મતભેદો પર પણ ચર્ચા થઈ. ખડગેના ઘરે યોજાયેલી બેઠકમાં રાહુલ, કેસી વેણુગોપાલ, સુપરવાઈઝર અજય માકન, અશોક ગેહલોત હાજર રહ્યા હતા. ભૂપેન્દ્ર હુડ્ડા અને ઉદયભાનને પણ મિટિંગમાં બોલાવ્યા હતા, પરંતુ તેઓ આવ્યા નહીં. શૈલજા કુમારી અને રણદીપ સુરજેવાલાને બોલાવવામાં આવ્યા ન હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર પક્ષની હારના કારણો જાણવા માટે એક કમિટી બનાવાશે. ચૂંટણીમાં તેમની હાર કેમ અને કેવી રીતે થઈ તે શોધી કાઢશે. આ કમિટીમાં કોણ કોણ હશે તેની માહિતી હાલ જાહેર કરવામાં આવી નથી. કોંગ્રેસે હાર માટે ઈફસ્ને જવાબદાર ઠેરવ્યું હતું.

### ન્યૂઝ બ્રિફ

#### ૨૨ વખત ગ્રેંડ સ્લેમ ચેમ્પિયન રાફેલ નડાલે સંન્યાસની જાહેરાત કરી

|(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦|

૪ વર્ષ પહેલા જ સ્વિઝરલેન્ડના મહાન ટેનિસ પ્લેયર રોજર ફેડરરે સંન્યાસની જાહેરાત કરી હતી. હવે નડાલે પણ રમતને અલવિદા કહી દીધું છે. ફેડરરે ૨૦ ગ્રેંડ સ્લેમ એવોર્ડ પોતાના નામે કર્યો છે. નડાલ આ લિસ્ટમાં બીજા નંબર પર છે. સૌથી વધુ ગ્રેંડ સ્લેમ જીતવાના મામલામાં સર્બિયાના નોવાક જોકોવિચ છે, જેણે અત્યાર સુધી સૌથી વધુ ૨૪ ગ્રેંડ સ્લેમ એવોર્ડ જીત્યા છે.

બિજનોરમાં ટ્રેન ઉથલાવવાના ષડયંત્રનો મામલો

## રેલવે પાટા પર બંને તરફ લગભગ ૨૦ મીટર સુધી પથ્થરો પાથરવામાં આવ્યા

| (એજન્સી) લખનૌ, તા.૧૦ |

ઉત્તર પ્રદેશમાં વધુ એક ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. યુપીના બિજનોરમાં ટ્રેન ઉથલાવવાના ષડયંત્રનો મામલો સામે આવ્યો છે. અહીં રેલવે ટ્રેક પર પથ્થરો પાથરવામાં આવ્યા હતા. અહીં એક મેમુ એક્સપ્રેસ દુર્ઘટનાનો શિકાર બનતાં બનતાં બચી ગઈ. બિજનોરમાં રેલવે ટ્રેક પર પથ્થરો પાથરવામાં આવ્યા હતા જેના કારણે એક મોટી રેલ દુર્ઘટના સર્જાઈ શકી હોત, પરંતુ આ દુર્ઘટના ટળી ગઈ. પ્રાપ્ત માહિતી પ્રમાણે મેમુ એક્સપ્રેસ ટ્રેન સહારનપુરથી મુરાદાબાદ જઈ રહી હતી અને તેને ઉથલાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. બિજનોરના ગઢમાલપુર રેલવે ક્રોસિંગ પાસે રેલવે ટ્રેક પર પથ્થરો પાથરવામાં આવ્યા હતા. મેમુ ટ્રેન પથ્થરોને તોડતાં નીકળી ગઈ. ત્યારે ડ્રાઈવરે



પથ્થર સાથે ટ્રેનના ટકરાવવાનો મોટો અવાજ સાંભળ્યો. ત્યારબાદ ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક લગાવીને ગાડી રોકી અને જોયું તો અપ અને ડાઉન લાઈનના રેલવે પાટા પર બન્ને તરફ લગભગ ૨૦ મીટર સુધી પથ્થરો પાથરવામાં આવ્યા હતા. ટ્રેક પર પાથરવામાં આવેલા નાના-નાના પથ્થરો પરથી જ્યારે ટ્રેન પસાર થઈ તો આ પથ્થરો મોટા અવાજ સાથે તૂટ્યા તો લોકો પાયલટે ઈમરજન્સી બ્રેક લગાવીને ટ્રેન રોકી દીધી હતી?.

## જ્યાં એક પણ હિંદુ નથી રહેતો તે દેશમાં મોદીએ રામલીલા જોઈ

### વિદેશ મંત્રાલયે કહ્યું કે લાઓસમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું સદીઓથી પાલન-સંરક્ષણ કરવામાં આવી રહ્યું છે

| (એજન્સી) લાઓસ, તા.૧૦ |

નવરાત્રિના દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે (૧૦ ઓક્ટોબર, ૨૦૨૪) આસિયાન ભારત, પૂર્વ એશિયા શિખર સંમેલનમાં ભાગ લેવા માટે લાઓસ પહોંચ્યા. આ દરમિયાન વડાપ્રધઆન મોદીએ ત્યાં રામલીલાનો પણ આનંદ માણ્યો. લાઓસ એક બૌદ્ધ બહુમતી ધરાવતો દેશ છે અને ત્યાંની હિંદુ વસ્તી અંગે કોઈ સત્તાવાર આંકડા ઉપલબ્ધ નથી. વિદેશ મંત્રાલયનું કહેવું છે કે લાઓસમાં રામલીલાનું આયોજન બંને દેશો વચ્ચેના પૌરાણિક સંસ્કૃતિ અને સદીઓ જૂની વારસાના જોડાણને દર્શાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાઓસના પ્રમુખ રોયલ થિયેટર ઓફ લુઆંગ પ્રબાંગમાં રામાયણનો આનંદ માણ્યો. અહીં રામાયણના એક એપિસોડ, ફલક ફલામનું આયોજન કરવામાં આવ્યું હતું. લાઓસમાં તેને 'ફરા લક ફરા રામ' નામથી પણ ઓળખવામાં આવે છે. કાર્યક્રમ બાદ પીએમ મોદીએ રામાયણના કલાકારો સાથે વાત કરી અને તેમની સાથે ફોટો પણ ખેંચાવ્યો. વિદેશ મંત્રી એસ. જયશંકર, વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી અને અન્ય લોકો પણ પીએમ મોદી સાથે કાર્યક્રમમાં પહોંચ્યા હતા.

વિદેશ મંત્રાલયે એક પ્રેસ રિલીઝ જારી કરીને કહ્યું કે લાઓસમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરા સાથે જોડાયેલી ઘણી બાબતોનું સદીઓથી પાલન અને સંરક્ષણ કરવામાં આવી રહ્યું છે. બંને દેશો તેમની સામાન્ય વારસા માટે કામ કરી રહ્યા છે. રામાયણ પહેલાં પીએમ મોદીએ વિયન્તિયાને શ્રી સાકેત મંદિરમાં બૌદ્ધ સંતો સાથેના કાર્યક્રમમાં ભાગ લીધો. લાઓસ એક દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશ છે, જ્યાં રહેતી મોટાભાગની વસ્તી બૌદ્ધ ધર્મનું પાલન કરે છે. અમેરિકી વિદેશ મંત્રાલયની સત્તાવાર વેબસાઈટ અનુસાર ૨૦૨૩માં લાઓસમાં ૭૯ લાખની વસ્તી રહે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૫માં લાઓસમાં ૬૪.૭ ટકા લોકો બૌદ્ધ ધર્મના છે, ૧.૭ ટકા ક્રિશ્ચિયન વસ્તી છે અને ૩૧.૪ ટકા લોકો એવા છે જેમના ધર્મની જાણકારી નથી. આ ઉપરાંત ૨.૨ ટકા લોકો અન્ય ધર્મોના છે. આ યાત્રા દરમિયાન પીએમ મોદી ૨૧મા આસિયાન ભારત શિખર સંમેલન અને ૧૯મા પૂર્વ એશિયા સંમેલનમાં ભાગ લેશે.

વર્ષ ૨૦૨૦ બાદ શાનદાર ફોર્મમાં આવ્યો જો રૂટ

## જો રૂટે કમાલની બેટિંગ કરતા બેવડી સદી ફટકારી

| (એજન્સી) મુલતાન, તા.૧૦ |

પાકિસ્તાન વિરુદ્ધ મુલ્તાનમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન જો રૂટે કમાલ કરી દીધો છે. જો રૂટે પાકિસ્તાન સામે ચોથા દિવસે લંચ સમયે અણનમ ૨૫૯ રન ફટકારી દીધા છે. આ સાથે જો રૂટે અનેક રેકોર્ડ પોતાના નામે કરી લીધા છે. જો રૂટે ઈંગ્લેન્ડ માટે ૨૦ હજાર આંતરરાષ્ટ્રીય રન પૂરા કરવાની સિદ્ધિ મેળવી છે. વર્ષ ૨૦૨૪માં જો રૂટે પાંચમી ટેસ્ટ સદી ફટકારી છે. જ્યારે છેલ્લા ચાર વર્ષમાં ૧૮ સદી ફટકારી છે. આ મામલે જો રૂટે વિરાટ કોહલી જેવા દિગ્ગજોને પાછળ છોડી દીધા છે. જો રૂટની ટેસ્ટ ક્રિકેટમાં આ છઠ્ઠી બેવડી સદી છે. તે ઈંગ્લેન્ડ માટે સૌથી વધુ બેવડી સદી ફટકારવા મામલે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. આ લિસ્ટમાં તેણે પૂર્વ કેપ્ટન એલિસ્ટર કૂકને પાછળ છોડ્યો છે. જેણે કરિયરમાં પાંચ વખત બેવડી સદી ફટકારી હતી. આ લિસ્ટમાં વૈલી હેન્મડ ટોપ પર છે. વર્ષ ૨૦૨૦ સમાપ્ત થયું ત્યારે ટેસ્ટ ક્રિકેટમાં એક્વિટ પ્લેયયર્સમાં વિરાટ કોહલી ૨૭ સદી સાથે ટોપ પર હતો. ત્યારબાદ સ્ટીવ સ્મિથ ૨૬ સદી, કેન વિલિયમસન ૨૩ સદી સાથે ત્રીજા સ્થાને હતો. ૨૦૨૦ના અંત સુધી જો રૂટે ટેસ્ટ ક્રિકેટમાં ૧૭ સદી ફટકારી હતી. પરંતુ ત્યારબાદ જો રૂટે પોતાના કરિયરનું બેસ્ટ ફોર્મ હાસિલ કર્યું છે.

આ મામલો તમિલનાડુની એક સરકારી શાળાનો છે

## ૪૨ વિદ્યાર્થીનીઓના જાતીય સતામણીના આરોપથી દોડધામ

| (એજન્સી) ચેન્નાઈ, તા.૧૦ |

એક સરકારી શાળામાં ૪૨ વિદ્યાર્થીનીઓએ શિક્ષક પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. આ મામલો તમિલનાડુની એક સરકારી શાળાનો છે, જ્યાં ગણિતનો વિષય ભણાવવા માટે આવતાં શિક્ષક પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. વિદ્યાર્થિનીઓએ ચાઈલ્ડ હેલ્પલાઈન પર જિલ્લા કલેક્ટર કચેરીમાં ફરિયાદ નોંધાવી હતી. આ દરેક વિદ્યાર્થીનીઓ ૯મા અને ૧૦મા ધોરણમાં અભ્યાસ કરે છે. સરકારી શાળાની ૪૨ વિદ્યાર્થીનીઓના જાતીય સતામણીના આરોપથી તંત્રમાં દોડધામ મચી ગઈ છે. હકીકતમાં જિલ્લા કલેક્ટર કચેરીને ચાઈલ્ડ હેલ્પલાઈન દ્વારા ફરિયાદ મળી હતી કે, એક સરકારી શાળાના શિક્ષક ધોરણ ૯ અને ૧૦ની વિદ્યાર્થીનીઓનું જાતીય સતામણી કરે છે. ફરિયાદની ગંભીરતાને ધ્યાનમાં લઈને તાત્કાલિક એક ટીમ બનાવીને તપાસ અર્થે શાળામાં મોકલવામાં આવી હતી. મુથુ કુમારન પપ્પનાડુની એક સરકારી કન્યા શાળામાં ગણિતના શિક્ષક છે. તપાસ કરનાર ટીમે રિપોર્ટ તૈયાર કરીને જિલ્લા શિક્ષણાધિકારીને સુપરત કર્યો છે. તેમજ તત્કાલ આરોપી શિક્ષકને શાળામાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો. ત્યાર મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ આરોપી શિક્ષકની પૂછપરછ કરવામાં આવી હતી.

મહિલા ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપ

## શ્રીલંકાને ૮૨ રને કચડીને ભારત નેટ રનરેટમાં આગળ

| (એજન્સી) દુબઈ, તા.૧૦ |

યુએઈમાં રમાઈ રહેલા મહિલા ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં દુબઈ ખાતે બુધવારે રમાયેલી ગ્રુપ મેચમાં ભારતે શ્રીલંકા વિમેન્સને ૮૨ રને કચડીને નેટ રનરેટમાં નોંધપાત્ર સુધારો કરવાની સાથે સેમિફાઈનલની આશા જીવંત રાખી હતી. ભારતનો ટુર્નામેન્ટના ઈતિહાસમાં આ સૌથી ભવ્ય વિજય રહ્યો હતો. ભારતે સુકાની અને પ્લેયર ઓફ ધ મેચ હરમનપ્રીત કૌરની અણનમ ફિફ્ટી તથા ઓપનર સ્મૃતિ મંધાનાની અધડી સદીની મદદથી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૭૨ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જવાબમાં ચમારી અટાપટ્ટુના નેતૃત્વ હેઠળની એશિયન ચેમ્પિયન શ્રીલંકન ટીમ ૯૦ રનમાં જ સમેટાતા ભારતનો ૮૨ રને શાનદાર વિજય થયો હતો. એ ગ્રુપમાં ભારત ત્રણ પૈકી સળંગ બે મેચમાં વિજય મેળવીને +૦.૫૭૬ની નેટ રનરેટ ધરાવે છે. ગ્રુપમાં ટોચના ક્રમે રહેલા ઓસ્ટ્રેલિયા (+૨.૫૨૪) બાદ ભારત બીજા ક્રમે છે. હવે ભારત ઓસ્ટ્રેલિયાને અંતિમ ગ્રુપ મકુબાલામાં હરાવીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકશે. જો ઓસ્ટ્રેલિયા સામે ભારતનો પરાજય થાય છે તો અન્ય મેચના પરિણામને આધારે ભારતની સેમિફાઈનલની રાહ નક્કી થશે. ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય લીધો હતો.

# ખેડૂતોએ બેંક અથવા એટીએમ પર જવાની જરૂર નથી, ઘરે બેસીને ડાકિયા દ્વારા મળશે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ : પોસ્ટમાસ્ટર જનરલ શ્રીકૃષ્ણ કુમાર યાદવ

। અમદાવાદ, તા.૧૦ ।

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી એ મહારાષ્ટ્રના વાશિમમાં ૦૫ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' યોજના નો બહુપ્રતીક્ષિત ૧૮મો હપ્તો બહાર પાડ્યો ત્યારે ખેડૂતોએ અને તેમના પરિવારજનોએ આનંદ અનુભવ્યો. પ્રધાનમંત્રીએ એક ક્લિકથી ડીબીટી મારફતે દેશભરના ૯.૪ કરોડથી વધુ લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં સીધી રીતે ૨૦ હજાર કરોડથી વધુની રકમ ટ્રાન્સફર કરી. હવે લાભાર્થી ખેડૂત ઘરે બેસીને આ રકમ તાત્કાલિક મેળવી શકે છે. આ સંબંધમાં 'રાષ્ટ્રીય ડાક દિવસ' અંતર્ગત 'અંત્યોદય દિવસ' પર માહિતી આપતા ઉત્તર ગુજરાત પરીક્ષેત્ર,અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ખેડૂતો પોતાના ખાતામાં જમા થયેલ ડીબીટી રકમ ઘરે બેસીને પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકના માધ્યમથી ઉપાડી શકે છે. આ માટે ખેડૂતોએ કોઈ બેંકની શાખા અથવા એટીએમ પર જવાની જરૂર નહીં પડે. દેશના કોઈ પણ બેંકમાં આવેલા મોબાઈલ અને આધાર લિંકડ ખાતા દ્વારા ઘરે બેસીને આધાર ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમના માધ્યમથી એક દિવસમાં ૧૦,૦૦૦ સુધીની રકમ કાઢી શકાય છે. આ માટે ડાક વિભાગ દ્વારા કોઈ શુલ્ક નથી લાગતું.




ઉલ્લેખનીય છે કે ખેડૂતોની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે ફેબ્રુઆરી ૨૦૧૯માં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની શરૂઆત કરવામાં આવી હતી. આ અંતર્ગત લાભાર્થી ખેડૂતને એક વર્ષમાં ૬,૦૦૦ની રકમ આપવામાં આવે છે. લાભાર્થી ખેડૂતને આ રકમ દર ૪ મહિનાના અંતરે ત્રણ હપ્તામાં બે-બે હજાર રૂપિયા કરીને તેમના ખાતામાં ડીબીટી દ્વારા ટ્રાન્સફર કરવામાં આવે છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે વર્તમાનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને રકમનું વિતરણ ડાકઘર અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. આ યોજનાઓમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ગંગા સ્વરૂપ યોજના, શિષ્યવૃત્તિ, નમો લક્ષ્મી શિષ્યવૃત્તિ યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, અને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગતા પેન્શન યોજના વગેરે સામેલ છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના અંતર્ગત, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકમાં ૧ કરોડથી વધુ ખાતાઓમાં ૨૫૪૪ કરોડની રકમ જમા કરવામાં આવી છે. આ કોઈપણ બેંકમાં જમા થતી બીજી સૌથી મોટી રકમ છે. આ ઉપલબ્ધિ ખેડૂતોના હિતમાં સરકારના સતત પ્રયાસોને દર્શાવે છે, જેના કારણે તેમને આર્થિક સહાય મળી રહી છે.

## દસાડમા રોડ સાઈડ પર દબાણ હટાવ ઝુંબેશ તેજ બની

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૦ ।

ગુજરાત ભરમાં રોડ સાઈડ પર ખટકી દેવાયેલ દબાણ દૂર કરવામા આવી રહ્યા છે ત્યારે દસાડા તાલુકામાં પણ આર.એન્ડ.બી વિભાગ દ્વારા દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ગુજરાત ભરમાં રોડ સાઈડ પર ખટકી દેવાયેલ દબાણ દૂર કરવામા આવી રહ્યા છે ત્યારે દસાડા તાલુકામાં પણ આર.એન્ડ.બી વિભાગ દ્વારા દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેમાં પાટડી નગરમાં પાટડી નગરપાલિકા અને આર.એન્ડ.બી. સુરેન્દ્રનગરની સંયુક્ત નોટિસ આપવામાં આવી છે ત્રીજી અને છેલ્લી નોટિસ આપી ૧૪ તારીખ સુધીમાં દબાણ દૂર કરવા માટે લેખિતમા જણાવવામાં આવ્યું છે. જો દબાણ દૂર નહીં કરે તો સરકાર દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ પણ નોટિસમા ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહત્વની છે કે દબાણ કરતા હોય કેટલાક રાજકીય હોદ્દેદારો પણ સામેલ છે પાટડી નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ ભાડા પેટે દુકાનદારોએ અને ખાનગી કોમ્પ્લેક્ષના દુકાનદારોએ આડેધડ પરતાના શેડ બનાવ્યા હોવાનું સામે આવ્યું છે.

## અમદાવાદ સહિત રાજ્યભરમાં રોગચાળો બેકાબૂ બન્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદ સહિત રાજ્યભરમાં રોગચાળો બેકાબૂ બન્યો છે. ત્યારે અમદાવાદમાં ઓક્ટોબર મહિનાના પ્રથમ પાંચ દિવસમાં જ રોજના ૧૬ ડેન્ગ્યુના કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં ઓક્ટોબર મહિનામાં ડેન્ગ્યુના કુલ ૮૧ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ચિકનગુનિયાના ૧૦, મેલેરિયાના ચાર કેસ નોંધાયા છે. અમદાવાદ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના આંકડા અનુસાર સપ્ટેમ્બર મહિનામાં અમદાવાદમાં ડેન્ગ્યુના ૪૯૪ કેસ નોંધાયા છે. જેની સામે ઓક્ટોબર મહિના પ્રથમ પાંચ દિવસમાં જ ડેન્ગ્યુના ૮૧ કેસ નોંધાયા છે. મહાનગર પાલિકાએ ડેન્ગ્યુને શોધવા માટે પાંચ દિવસમાં ૯૫૨ અને મેલેરિયા માટે ૧૪ હજાર ૯૧૬ સેમ્પલની તપાસ કરી હતી. આ ઉપરાંત પાણીજન્ય રોગચાળામાં પણ ચિંતાજનક વધારો થયો છે. અમદાવાદમાં ઓક્ટોમ્બર મહિનામાં ઝાડા-ઉલ્ટીના ૬૩, કમળાના ૫૮ કેસ નોંધાયા છે. મહાનગર પાલિકાએ પાણીના લીધેલા સેમ્પલમાંથી ૩૧માં ક્લોરિનની માત્રા જણાઈ નહોતી.

# મુખ્ય ન્યાયાધીશ સુશ્રી સુનિતા અગ્રવાલે ગુજરાત હાઇકોર્ટ ખાતે નવનિયુક્ત ન્યાયાધીશશ્રીઓને શપથગ્રહણ કરાવ્યા

### ન્યાયાધીશ તરીકે નિમાયેલા સંજીવ જયેન્દ્ર ઠાકર, દીપ્તેન્દ્ર નારાયણ રાય અને મૌલિક જિતેન્દ્ર શેલતે શપથગ્રહણ કર્યા



ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશશ્રીઓ, એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદી સહિત વરિષ્ઠ વકીલોની ઉપસ્થિતિ

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

ગુજરાત હાઈકોર્ટ ખાતે નવનિયુક્ત ન્યાયાધીશ શ્રી સંજીવ જયેન્દ્ર ઠાકર, શ્રી દીપ્તેન્દ્ર નારાયણ રાય અને શ્રી મૌલિક જિતેન્દ્ર શેલતનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. ગુજરાત હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ સુશ્રી સુનિતા અગ્રવાલે ન્યાયાધીશશ્રીઓને ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લેવડાવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટની ફર્સ્ટ કોર્ટમાં યોજાયેલા આ શપથગ્રહણ સમારોહમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશશ્રીઓ, એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી સહિત વરિષ્ઠ વકીલો તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ શ્રી શ્રીસંજીવ જયેન્દ્ર ઠાકર, શ્રી દીપ્તેન્દ્ર નારાયણ રાય અને શ્રી મૌલિક જિતેન્દ્ર શેલતને ભારતના માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્વારા ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર અને અમદાવાદના વિવિધ નવરાત્રી ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહી ગરબા માણ્યા



। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર અને અમદાવાદના વિવિધ વિસ્તારમાં નવરાત્રી ગરબા મહોત્સવમાં બુધવારે રાત્રે ઉપસ્થિત રહીને ગરબા માણ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં સહાય ફાઉન્ડેશન આયોજિત કેસરિયા ગરબા મહોત્સવ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રી મહોત્સવ તેમજ અમદાવાદમાં સાયન્સ સિટી રોડ પરના CAIT આયોજિત ગરબા મહોત્સવ, ભાડજના ખેલૈયા ગૃપના ગરબા મહોત્સવ તેમજ મેમનગરના તરુણનગર સોસાયટીના ગરબા મહોત્સવની મુલાકાત લીધી હતી. તેમણે ગરબા સ્થળે આદ્યશક્તિની માંડવડીના દર્શન પણ કર્યા હતા અને ગરબાપ્રેમીઓ, વરિષ્ઠ વડીલોનું અભિવાદન ઝીલ્યું હતું. રાજ્યસભાના સાંસદ શ્રી મયંક નાયક, ગાંધીનગર શહેર અને જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, મેયર શ્રીમતી મીરાબહેન, ગરબા આયોજકો અને સંગઠન પદાધિકારીઓએ પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગરબા નિહાળ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું ગરબા આયોજકોએ શોલ અને ખેસ ઓઢાડી સન્માન કર્યું હતું.

#### હાર્ટએટેકનો કીસ્સો સામે આવ્યો

## સાબરકાંઠાના પાટીદાર યુવકનું લંડનમાં ગરબે ઘૂમતા હાર્ટએટેકથી મોત

### જયેશ પટેલ લંડનના હેરોમાં પિઝા સેન્ટરમાં કામ કરતો હતો ત્યાર બાદ નવરાત્રી દરમિયાન ગરબા રમતા સમયે તે પડી ગયો હતો

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૦ ।

વિદેશી ધરતી પર ગરબા રમતા એક ગુજરાતી યુવકનું મોત થયું છે. સાબરકાંઠાના એક યુવકનું લંડનમાં મોત થયું હતું. સાબરકાંઠા જિલ્લાના એક યુવકનું વિદેશમાં મોત થયું હતું. તલોદ તાલુકાના ગોરા આજના ગામના યુવકનું લંડનમાં હૃદયરોગના હુમલાથી મોત થયું હતું. ગરબા રમતા જયેશ કનુભાઈ પટેલ નામના યુવકને હાર્ટ એટેક આવ્યો હતો. જયેશ પટેલ લંડનના હેરોમાં પિઝા સેન્ટરમાં કામ કરતો હતો. ત્યારબાદ નવરાત્રી દરમિયાન ગરબા રમતા સમયે તે પડી ગયો હતો. ગરબા રમતા પહેલા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. તબીબો એકાધ્યા ગરબા રમવાથી દૂર રહેવાની સલાહ આપી રહ્યા છે. કારણ કે જો આખી રાત આરામ કર્યા વગર ગરબા રમવામાં આવે તો શરીરના મહત્વના અંગો પર તેની ટૂંકા ગાળાની કે લાંબા ગાળાની અસર થઈ શકે છે. ગયા વર્ષે નવરાત્રિ દરમિયાન ગરબા રમતા કેટલાક યુવાનોને હાર્ટ એટેક આવતા જોવા મળ્યા હતા. તબીબોનું કહેવું છે કે બ્રેક લીધા વગર સતત ગરબા રમવાથી શરીરના મહત્વના અંગો પર વિપરીત અસર થાય છે.

## જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સાણંદ તાલુકાના મોડાસર ખાતે 'આરોગ્ય ચકાસણી કેમ્પ' યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત અમદાવાદ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સાણંદ તાલુકાના મોડાસર ગામે આરોગ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરાયું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે અને જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. શૈલેષ પરમારના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનો ૬૦૦થી વધુ ગ્રામજનોએ લાભ લીધો હતો. જેમાં માતૃ આરોગ્ય, બાળરોગ, કાન-નાક-ગળાના રોગ, જનરલ સર્જરી, આંખોના રોગ, હાડકાના રોગ, ચામડીના રોગ, હૃદયરોગ જેવી બીમારીઓ વિશે ચેકઅપ કરાયું હતું. આ ઉપરાંત લેબોરેટરી તપાસ અને દવાઓનું વિતરણ પણ કરાયું હતું.

#### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૧૨મી ઓક્ટોબરે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન થશે

## અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ આગામી સમયમાં એક ટ્રેડમાર્ક સ્થાપિત કરશે : મંત્રી જગદીશ વિશ્વકર્મા

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારના સહયોગથી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૧૨મી ઓક્ટોબર -૨૦૨૪થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજાશે




। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

વિદેશની ધરતી પર જે પ્રકારે શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવતું હોય છે, એવા શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૯માં અમદાવાદ ખાતે કરાવ્યો હતો. હવે એ જ તર્જ પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. એએમસી અને રાજ્ય સરકારના સહયોગથી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૧૨મી ઓક્ટોબર -૨૦૨૪થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૧૨મી ઓક્ટોબરે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરાશે. સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના હસ્તે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫નો લોગો, ટીઝર અને વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે. આ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫ના સંદર્ભે સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદને સંબોધતા સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે, અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫નો ઉદ્દેશ્ય અમદાવાદને ખરીદીના શોખીનો માટે એક મુખ્ય શોપિંગ ડેસ્ટિનેશન તરીકે ઉન્નત કરવાનો છે. આવનારા સમયમાં અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ એક ટ્રેડમાર્ક સ્થાપિત કરશે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, આ ફેસ્ટિવલ ૪ મુખ્ય શોપિંગ ડિસ્ટ્રિક્ટ - સિંધુ ભવન રોડ, સીજી રોડ રોડ, નિકોલ મોડર્ન સ્ટ્રીટ, અને કાંકરિયા રામબાગ રોડ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ, માણેક ચોક, લો ગાર્ડન, ગુર્જરી બજાર, સાયન્સ સિટી, વસ્ત્રાપુર, પ્રહલાદ નગર રોડ અને શોપિંગ મોલ્સ (દા.ત. અમદાવાદ વન મોલ પેલેડિયમ મોલ, ઈસ્કોન મેગા સીજી સ્ક્વેર, પેવેલિયન મોલ) સહિત ૧૪ નિયત હોટસ્પોટ્સ ખાતે યોજાશે.

## અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના શિયાળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।



ગાંધીનગર લોકસભા- સ્વસ્થ લોકસભા અભિયાન અને વિકાસ સપ્તાહ અંતર્ગત કેન્દ્રીય ગૃહમત્રી શ્રી અમિતભાઈ શાહના વિધાનસભા વિસ્તાર તેમજ શ્રી કનુભાઈ પટેલ ધારાસભ્યશ્રી સાણંદ- બાવળાનાં મતવિસ્તારમાં ગ્રામજનોના આરોગ્ય અને સુખાકારી માટે અમદાવાદ જિલ્લાનાં બાવળા તાલુકાનાં શિયાળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રં ખાતે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો હતો. જિલ્લા વિકાસ અધિકારીશશ્રી વિદેહ ખરે અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ.શૈલેશ પરમાર, જિલ્લા પંચાયત અમદાવાદના માર્ગદર્શનથી તથા તાલુકા હેલ્થ ઓફિસરશ્રી બાવળા અને પ્રા.આ.કેન્દ્ર શિયાળની ટીમની સીધી દેખરેખમાં આરોગ્ય કેમ્પનું અયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય ચકાસણી કેમ્પમાં આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી ગોવિંદભાઈ મકવાણા જિલ્લા પંચાયત સભ્ય શ્રી ગૌરીબહેન છગનભાઈ સોલંકી (શિયાળ સીટ), તાલુકા સદસ્યશ્રી શ્રી લાલજીભાઈ પઢાર, સરપંચ શ્રી પ્રતાપભાઈ ગોહિલ પ્રા.આ. કેન્દ્ર શિયાળ ઉપસ્થિતમાં આરોગ્ય ચકાસણી કેમ્પને દીપ પ્રગટ્ય કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ આરોગ્ય ચકાસણી કેમ્પમાં માતૃ આરોગ્ય, બાળરોગ, કાન - નાક -ગળાનાં રોગ, જનરલ સર્જરી, આંખોનાં રોગ, હાડકાનાં રોગ, ચામડીનાં રોગ, હૃદયરોગ (ઈકો), જનરલ મેડિસીન,દાંતની તપાસ લેબોરેટરી તપાસ તેમજ દવાઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ૭૧૫થી વધુ ગ્રામજનો દ્વારા આરોગ્ય ચકાસણી કેમ્પનો લાભ લીધો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



લાઓસમાં વિયેન્ટિઆન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસિયાન-ભારત સમિટની નવા ચૂંટાયેલા જાપાનના વડાપ્રધાન શિગેરુ ઇશિબા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

### બિહારના શિક્ષણ વિભાગનો એક મહત્વપૂર્ણ નિર્ણય

# સરકારી સ્કૂલોમાં જીન્સ-ટી શર્ટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો

## શિક્ષકોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રીલ બનાવવા, ડાન્સ અને ડીજે વીડિયો અપલોડ કરવા પર પણ પ્રતિબંધ

| (એજન્સી) પટણા, તા.૧૦ |

બિહારના શિક્ષણ વિભાગે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યની સરકારી શાળાઓ માટે ડ્રેસ કોડ જાહેર કર્યો છે અને શિક્ષકોને જીન્સ અને ટી-શર્ટ પહેરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. જી હા.. વિભાગની સૂચના મુજબ હવે સરકારી શાળાઓમાં શિક્ષકો ફોર્મલ ડ્રેસમાં જ આવી શકશે. શિક્ષણ વિભાગના નિદેશક (વહીવટ) કમ અધિક સચિવ સુબોધ કુમાર ચૌધરીએ તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપી હતી. આદેશમાં શિક્ષકોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રીલ બનાવવા, ડાન્સ અને ડીજે વીડિયો અપલોડ કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત શિક્ષકો અને અન્ય કર્મચારીઓને શાળામાં શિસ્ત જાળવવા સૂચના આપવામાં આવી છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં શિષ્ટાચાર અને શિષ્ટતાથી વર્તે તેવી સૂચનાઓ આપવામાં આવી હતી, પરંતુ એવું જોવામાં આવી રહ્યું છે કે શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં તૈનાત શિક્ષકો અને કર્મચારીઓ ઓફિસ વિરુદ્ધ અનૌપચારિક વર્તન (જીસ-ટીશર્ટ) કરી રહ્યા છે. ઉપરાંત, નૃત્ય, ડીજે, ડિસ્કો અને અન્ય નિમ્ન સ્તરની પ્રવૃત્તિઓ શાળાના પરિસરમાં સોશિયલ મીડિયા (ફેસબુક, યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ વગેરે) અને અન્ય માધ્યમો દ્વારા કરવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે. શાળાના પરિસરમાં શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓનું આ પ્રકારનું વર્તન અને વ્યવહાર શૈક્ષણિક માહોલને નકારાત્મક બનાવે છે. જેને ક્યાંય સ્વીકારી શકાય નહીં. શિક્ષણ કેલેન્ડર મુજબ વિશેષ દિવસોમાં નૃત્ય, સંગીત વગેરેના શિસ્તબદ્ધ અને શિષ્ટ કાર્યક્રમો જ માન્ય છે. અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં તૈનાત શિક્ષકો અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ માત્ર શિક્ષણ-કાર્યાલયના સમય દરમિયાન જ સન્માનજનક પહેરવેશમાં આવશે. તેનું પાલન સુનિશ્ચિત કરવા જિલ્લા શિક્ષણ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### બંધ થવા જઈ રહ્યા છે કેદારનાથ મંદિરના દરવાજા



| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

શ્રી કેદારનાથ મંદિરના દરવાજા ૩ નવેમ્બર, ભાઈબીજના દિવસે સવારે ૮.૩૦ વાગ્યે ભક્તો માટે બંધ કરવામાં આવશે. શ્રી બદ્રીનાથ અને કેદારનાથ મંદિર સમિતિના મુખ્ય કાર્યકારી અધિકારી વિજય પ્રસાદ થાપલિયાલે પોતે આ અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે દરવાજા બંધ થયા બાદ ભગવાન કેદારનાથની ચાલતી શોભાયાત્રા તેના શિયાળુ વિશ્રામ સ્થાન તરફ આગળ વધશે.કેદારનાથના દરવાજા બંધ થયા બાદ ભક્તો ભગવાન કેદારનાથની ચાલતી પાલખીને ખભા પર લઈને આગળ વધશે. એ જ દિવસે રામપુરમાં રાત્રિ આરામ થશે. ત્યારબાદ ૪ નવેમ્બરે ડોલી રામપુરથી ઉપડશે અને ફાટા અને નારાયણ કોટી થઈને ગુપ્તકાશી પહોંચશે. ત્યારપછી રાત્રી આરામ અહીં જ કરવામાં આવશે.૫મી નવેમ્બરે સવારે ભક્તો ચલ-વિગ્રહ ડોળી લઈને આગળ વધશે. આ પછી ચલ-વિગ્રહ ડોલી તેના શિયાળુ વિશ્રામ સ્થાન શ્રી ઓમકારેશ્વર મંદિર (ઉખીમઠ) પહોંચશે. જ્યાં પરંપરાગત પૂજા સાથે ભગવાન કેદારનાથની પાલખીને ગદ્દી સ્થળ પર બિરાજમાન કરવામાં આવશે. ખરેખર, કેદારનાથ મંદિર ઠંડીની મોસમમાં બરફથી ઢંકાઈ જાય છે અને તેથી ઉખીમઠમાં ભગવાન કેદારનાથની પૂજા કરવામાં આવે છે.

### અમેરિકામાં દર્દીને લઈ જઈ રહેલું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત



| (એજન્સી) ઓવેનટોન, તા.૧૦ |

અમેરિકાના કેન્ટકીમાં એક દર્દીને સારવાર માટે લઈ જઈ રહેલું મેડિકલ હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ૩ ક્રુ મેમ્બરના મોત થયા છે. કેન્ટકી સ્ટેટ પોલીસના જણાવ્યા પ્રમાણે દુર્ઘટના સોમવારે સાંજે ઓવેનટોનમાં સ્ટેટ હાઈવે-૨૨ પાસે બની હતી. આ હેલીકોપ્ટર એર ઈવેક લાઈફટીમનું માલિકીનું હતું, જેમાં ત્રણ કર્મીઓ સામેલ હતા. આ ત્રણેક મૃતકો નામ - ગેલ એલેમેન, બેથની એકેન અને જેમ્સ વેલ્શ છે. એર ઈવેક લાઈફટીમે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ કરીને જણાવ્યું કે ગ્રાન્ટ કાઉન્ટી સ્થિત ક્રૂ મેમ્બર એક દર્દીને લઈ જઈ રહ્યા હતા, ત્યારે આ દુર્ઘટના બની હતી. આ દુર્ઘટનાની પોલીસ તપાસ કરી રહી છે. સાથે જ નેશનલ ટ્રાન્સપોર્ટ સેફટી બોર્ડ અને ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન પણ દુર્ઘટનાની તપાસ પોતાની રીતે કરી રહ્યા છે. એર ઈવેક લાઈફટીમે કહ્યું કે આ એક ખૂબ દુખદ દુર્ઘટના છે અને અમારી સંવેદાન કર્મચારીઓના પરિવારો અને મિત્રો સાથે છે. એ તપાસ દરમિયાન એફએએ અને એનટીએસબીની સાથે મળીને કામ કરશે.

### સરકાર રચવાનો દાવો રજૂ કરશે

# ઓમર અબ્દુલ્લા નેશનલ કોન્ફરન્સ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયા

## કોંગ્રેસ અને સીપીઆઈ (એમ) સાથે નેશનલ કોન્ફરન્સની બેઠક થશે, ત્યાર બાદ સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે

| (એજન્સી) જમ્મુ, તા.૧૦ |

જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં બહુમતી મેળવ્યા બાદ, નેશનલ કોન્ફરન્સે, આજે ગુરુવારે સર્વસંમતિથી ઓમર અબ્દુલ્લાને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટ્યા હતા. ઓમર અબ્દુલ્લા ટૂંક સમયમાં રાજભવન જશે અને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. ૯૫ સભ્ય સંખ્યા ધરાવતી જમ્મુ કાશ્મીર વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સે ૪૨ બેઠકો જીતી છે અને ૪ અપક્ષ સભ્યોએ ટેકો જાહેર કર્યો છે. જ્યારે નેશનલ કોન્ફરન્સના સહયોગી પક્ષ એવા કોંગ્રેસે આ ચૂંટણીમાં ૬ બેઠકો જીતી છે, જ્યારે તેના અન્ય સહયોગી CPI(M)એ એક બેઠક જીતી છે. આમ નેશનલ કોન્ફરન્સને કુલ



૫૩ ધારાસભ્યોનો ટેકો પ્રાપ્ત છે. જો કે નેશનલ કોન્ફરન્સ પાસે વિધાનસભામાં બહુમતી છે, પરંતુ ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, તેઓ કોંગ્રેસના સમર્થન પત્રની રાહ જોઈ રહ્યા છે અને તે પછી તેઓ રાજભવન જઈને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. ગુરુવારે નેશનલ કોન્ફરન્સ વિધાનસભા પક્ષની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ફારૂક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા હાજર હતા. બેઠક બાદ ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે ગુરુવારે પાર્ટી ધારાસભ્ય દળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તમામ ધારાસભ્યોએ સર્વસંમતિથી ઓમર અબ્દુલ્લાને પોતાના નેતા તરીકે પસંદ કર્યા હતા. ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે સરકારની રચનાની પ્રક્રિયાને આગળ વધારવા માટે શુક્રવારે પૂર્વ ચૂંટણી ગઠબંધન ભાગીદારોની બેઠક થશે. તે બેઠક બાદ સરકાર રચવાનો દાવો રજૂ કરવામાં આવશે. અગાઉ, નેશનલ કોન્ફરન્સ (NC) ના તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ સવારે નવા-એ-સુબામાં પાર્ટીના મુખ્યાલયમાં તેમના નેતાની પસંદગી કરવા માટે બેઠક યોજી હતી. બેઠક બાદ જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, તેમને પાર્ટી વિધાયક દળની બેઠકમાં વિધાયક દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ ધારાસભ્યોનો આભાર વ્યક્ત કરે છે. કોંગ્રેસ તરફથી સમર્થનનો પત્ર મેળવવા માટે વાતચીત ચાલી રહી છે. ૪ અપક્ષ ધારાસભ્યોએ પણ તેમની પાર્ટીને સમર્થન જાહેર કર્યું છે. કોંગ્રેસ તરફથી પત્ર મળ્યા બાદ તેઓ સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણી પ્રચાર દરમિયાન નેશનલ કોન્ફરન્સે કલમ ૩૭૦ હટાવવા અને જમ્મુ-કાશ્મીરને કેન્દ્ર શાસિત પ્રદેશનો દરજ્જો આપવાનો વિરોધ કર્યો હતો. આ અંગે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

### ભાજપને ૩૯.૯૪ ટકા, જ્યારે કોંગ્રેસને ૩૯.૦૯ ટકા મત

# હરિયાણામાં ભાજપની સ્પષ્ટ બહુમતી છતાં કોંગ્રેસ કરતાં માત્ર ૦.૮૫% વોટ વધુ

| (એજન્સી) ચંદીગઢ, તા.૧૦ |

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે. તેમ છતાં ભાજપ અને કોંગ્રેસના વોટની ટકાવારીમાં નજીવો જ તફાવત છે. ભાજપને ૩૯.૯૪ ટકા વોટ(૪૮ સીટ) મળ્યા છે, જ્યારે કોંગ્રેસને ૩૯.૦૯ ટકા વોટ(૩૭ સીટ) મળ્યા છે. આમ, ભાજપને કોંગ્રેસ કરતાં ફક્ત ૦.૮૫ ટકા (એક ટકાથી ઓછા) વધુ મત મળ્યા છે. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૩૬.૪૯ ટકા વોટ સાથે ૯૦માંથી ૪૦ સીટ જીત હતી. જયારે કોંગ્રેસે ૨૮.૦૮ ટકા વોટની સાથે ૩૧ સીટ જીતી હતી. આ ચૂંટણીમાં ઈનેલોને બે, જ્યારે ત્રણ સીટ પર અપક્ષ ઉમેદવારો ચૂંટાઈને આવ્યા છે. આપ અને જેજેપીને એક પણ સીટ મળી નથી. હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ત્રણ સીટો પર અપક્ષ ઉમેદવારો ચૂંટાયા હતા. આ ત્રણેય નવા ચૂંટાયેલા ધારાસભ્યો ભાજપને સમર્થન આપવા જઈ રહ્યા છે. દેવેન્દ્ર કાદિયાન, સાવિત્રી




જિંદલ અને રાજેશ જૂન ભાજપને ટેકો આપશે. ભાજપની ટિકિટ નહીં મળ્યા પછી હિસાર સીટથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડનાર સાવિત્રી જિંદલે કોંગ્રેસના ઉમેદવાર રામ નિવાસ રારાને ૧૮૯૪૧ વોટથી પરાજય આપ્યો હતો. અપક્ષ ઉમેદવાર કાદિયાન અને જૂને પણ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને હરાવીને જીત મેળવી હતી. આ ત્રણેય સાથે વિધાનસભામાં ભાજપનું સંખ્યાબળ ૫૧ થઈ જશે.જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં જમ્મુ ક્ષેત્રની ૪૩ વિધાનસભા સીટો પર પીડીપી અને બીએસપીના લગભગ તમામ સહિત ૬૮.૫૩ ટકા ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ છે.

### તારક મહેતા શોને છોડ્યા બાદ જોવા મળશે

# શૈલેશ લોઢા એડવોકેટ અંજલિ અવસ્થી શોમાં જોવા મળશે

| (એજન્સી) મુંબઈ, તા.૧૦ |

સ્ટાર પ્લસ પોતાના ચાહકો માટે શાનદાર શો લઈને આવ્યું છે. આ શોનું નામ છે એડવોકેટ અંજલિ અવસ્થી. આ શોને ચાહકો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સ્ટાર પ્લસ પોતાના ચાહકો માટે શાનદાર શો લઈને આવ્યું છે. આ શોનું નામ છે એડવોકેટ અંજલિ અવસ્થી. આ શોને ચાહકો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ૧૪ વર્ષથી લોકપ્રિય ટીવી શોમાં મુખ્ય ભૂમિકા ભજવનાર લોઢાએ પૈસા ન આપવાને કારણે શો છોડી દીધો હતો. આ કડવા અનુભવ પછી, એવું લાગે છે કે શૈલેષ તેની કારકિર્દીમાં આગળ વધી રહ્યો છે કારણ કે તેને નવા લૉન્ચ થયેલા ટીવી શો એડવોકેટ અંજલી અવસ્થીમાં જોવા મળશે. ટીવી શો એડવોકેટ અંજલિ અવસ્થીએ લોકપ્રિયતા મેળવી છે, જેમાં હવે શૈલેષ લોઢા જોવા મળશે છે, જેમણે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં



અભિનય કર્યો હતો. તે એડવોકેટ ની ભૂમિકા ભજવે છે. એડવોકેટ અંજલિ અવસ્થી તેની શરૂઆતથી જ દિલ જીતી રહી છે અને તે ઈ ચાર્ટ પર પણ સારી રેંકિંગ ધરાવે છે. શૈલેષ લોઢા હવે રમેશ પટેલના પાત્રમાં શો સાથે ટીવી પર પાછા ફર્યા છે. તે રમેશ પટેલનું પાત્ર ભજવે છે જે એડવોકેટ છે અને અંજલીને તેના નવા કેસમાં મદદ કરવા આવ્યો છે. અગાઉ એક પોડકાસ્ટમાં શૈલેષ લોઢાએ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા છોડવા પાછળના તેમના કારણ વિશે ખુલાસો કર્યો હતો. તેણે કહ્યું હતું કે, "આ સ્વાભિમાનની વાત હતી. તેથી જ મેં શો છોડવાનો નિર્ણય કર્યો.

### વિશેષ ટ્રેનમાં ક્રૂર મજાક

# ચૂંટણી ફરજ બાદ CRPF ના ૭૦૦ જવાનોએ ૪૮ કલાક ભૂખ્યાં રહેવું પડ્યું

| (એજન્સી) જમ્મુ, તા.૧૦ |

દેશનું સૌથી મોટું કેન્દ્રીય અર્ધલશ્કરી દળ 'CRPF', જેના કર્મચારીઓની સંખ્યા અંદાજે ૩.૨૫ લાખ છે, તે વિવિધ રાજ્યોમાં શાંતિપૂર્ણ અને ન્યાયી રીતે ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરે છે. આ સમયગાળા દરમિયાન સૈનિકોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ચૂંટણી ફરજ માટે CRPFના જવાનોને મોકલવામાં આવે છે ત્યારે તેમને ઘણી વખત પ્રાથમિક સુવિધાઓ પણ પૂરી પાડવામાં ન આવી હોય એવા અનેક કિસ્સા જોવા મળે છે. એવો જ એક કિસ્સો જમ્મુ-કાશ્મીરના સાંબાથી દોડતી સ્પેશિયલ ટ્રેન ૦૦૩૨૮માં થયો છે. જેમાં CRPFના ૭૦૦ જવાનો સવાર હતા. રાયપુર જતી આ ટ્રેનમાં જવાનોને ૪૮ કલાક સુધી ભૂખ્યાં રહેવું પડ્યું હતું. જવાનોએ બે વખતના નાસ્તાથી જ કામ ચલાવવું પડ્યું હતું. આગળના સ્ટેશન પર ભોજન મળશે એમ કહેતાં જવાનોને ખાલી પેટે મુસાફરી કરવાની ફરજ પડી હતી. જવાનોને લઈને આવતી આ સ્પેશિયલ ટ્રેન ગુરુવારે બપોરે રાયપુર પહોંચી હતી. આ સ્પેશિયલ ટ્રેન સાંબાથી ઉપાડવાની હતી. કેટલાક કારણોસર ટ્રેન સમય કરતાં મોડી પડી હતી. આથી ૮ ઑક્ટોબરે સવારે ૩ વાગ્યે આ ટ્રેન રાયપુર જવા રવાના થઈ હતી. ત્યારબાદ સૈનિકોને અંબાલા સ્ટેશન પર નાસ્તો આપવામાં આવ્યો હતો. આ છી આખો દિવસ સૈનિકોને કશું જ મળ્યું ન હતું. તેમજ સૈનિકોને કહેવામાં આવ્યું હતું કે દિલ્હી રેલવે સ્ટેશન પર લંચ આપવામાં આવશે. પરતું ટ્રેન રાત્રે ૮ વાગ્યે દિલ્હી પહોંચી એવામાં લંચનો સમય તો વીતી ગયો હતો. તેમજ દિલ્હીમાં તેમને જે ભોજન આપવાનો પ્રયાસ થયો તે નબળી ગુણવત્તાનો હતો અને સૈનિકોના જણાવ્યા અનુસાર એ ભોજન સવારથી બનાવી રાખવામાં આવ્યું હતું. આવી સ્થિતિમાં સૈનિકોએ ભોજન લેવાની ના પાડી દીધી હતી. અહીં સૈનિકોનો મુદ્દો હોવાથી અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે સૈનિકોને સમયસર અને સારી ગુણવત્તાના ખોરાકની જરૂર છે અને જો તે તેમને નહીં મળે તો આ બાબતે ફરિયાદ કરવામાં આવશે. રેલવેએ જવાબ આપ્યો કે આ શક્ય નથી. અમે અમારા ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરી છે કે હવે તમને આગ્રામાં સારું ભોજન મળશે. તેણે ફોન નંબર પણ આપ્યો. જો કે આ નંબર પર સંપર્ક જ થઈ શક્યો ન હતો. ત્યારબાદ ૯ ઑક્ટોબરે ઝાંસીમાં તેમના નાસ્તાની વ્યવસ્થા થઈ હતી. ત્યાર બાદ આખો દિવસ ભૂખ્યા રહેવું પડ્યું હતું.



લાઓસમાં વિયેન્ટિઆન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

### નોઈડાનો વિચિત્ર કિસ્સો

# પંદર વર્ષની કિશોરી બાર વર્ષના છોકરાને લઈને ત્રીજી વખત ફરાર

| (એજન્સી) નોઇડા, તા.૧૦ |

નોઈડામાં ૧૫ વર્ષની છોકરીએ પરિવાર અને પોલીસને હેરાન કરી દીધા છે. તે ત્રણ વખત ઘરેથી ભાગી ચૂકી છે. બીજી વખત ૧૨ વર્ષના એક પાડોશી સાથે ફરાર થઈ ગઈ છે. બે વખત પોલીસ તેને જપ્ત કરીને પાછી લાવી ચૂકી હતી. હવે પરિવાર શહેર છોડવા જઈ રહ્યું હતું તો તે સમયે એક વખત ફરી તે ભાગી ગઈ. ૧૨ વર્ષનો તે છોકરો પણ લાપતા છે. મામલો નોઈડાના સેક્ટર ૫૮ સ્થિત ગામ બિશનપુરાનો છે. સગીરા મંગળવારે સાંજે તે ઘરેથી ભાગી જ્યારે પરિવાર પુત્રીની ખરાબ ટેવોના કારણે નોઈડા છોડીને બિહાર જવાની તૈયારી કરી રહ્યો હતો. પિતા ઓટો લેવા નીકળ્યા હતા અને તે માતા અને નાની બહેનને ચકમો આપીને ગાયબ થઈ ગઈ. બે વખત કિશોરીને જપ્ત કરી ચૂકેલી પોલીસ એક વખત ફરી શોધવામાં લાગી ગઈ છે. મૂળ બિહારના દરભંગાના રહેવાસી પીડિતે જણાવ્યું કે મારી બે પુત્રીઓ છે. મોટી પુત્રી ૧૫ વર્ષ અને નાની પુત્રી ૧૨ વર્ષની છે. લગભગ ૪ વર્ષ પહેલા તે પુત્રીઓને ભણાવવા માટે તે નોઈડા આવ્યા હતા. બિશનપુરામાં ભાડે એક રૂમ લીધો. પતિ -પત્નીએ એક પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરીને પુત્રીઓને ભણાવી રહ્યા હતા. પિતાએ જણાવ્યું કે ફેબ્રુઆરી ૨૦૨૪માં મોટી પુત્રી પાડોશમાં રહેતી બે અન્ય સગીર યુવતીઓને સાથે લઈને ભાગી ગઈ.

## તંત્રી લેખ...


# રાજસ્થાનમાં કોંગો ફીવરની એન્ટ્રી

રાજસ્થાનના જોધપુરમાં રહેતી ૫૧ વર્ષીય મહિલાનું કોંગો ફીવરથી મોત થયું હતું. આ મામલો સામે આવ્યા બાદ રાજ્ય સરકારે નિવારણ અને રક્ષણ માટે રાજ્યભરમાં માર્ગદર્શિકા બહાર પાડી છે. કોંગો તાવ એક જીવલેણ રોગ છે, જે પ્રાણીઓથી માણસોમાં ફેલાય છે. વહીવટીતંત્રે અસરગ્રસ્ત વિસ્તારમાં ઝડપથી કાર્યવાહી કરવા સૂચના આપી છે, જેથી રોગને ફેલાતો અટકાવી શકાય.એજન્સી અનુસાર, જોધપુરની રહેવાસી ૫૧ વર્ષીય મહિલા અમદાવાદની મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાં સારવાર હેઠળ હતી. મહિલા કોંગો ફીવરથી પીડિત હતી. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુણે દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં આ વાતની પુષ્ટિ થઈ છે. બુધવારે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.પબ્લિક હેલ્થ ડાયરેક્ટર ડૉ. રવિ પ્રકાશ માથુરે કહ્યું કે જોધપુરના ચીફ મેડિકલ અને હેલ્થ ઓફિસરને અસરગ્રસ્ત વિસ્તારમાં ટીમ મોકલીને નિવારક પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. આ સાથે, શંકાસ્પદ અને લક્ષણોવાળા દર્દીઓને ઓળખવા જોઈએ અને તેમને આઈસોલેશનમાં રાખવા જોઈએ. રાજ્ય સરકારે તમામ સરકારી અને ખાનગી તબીબી સંસ્થાઓને સૂચના આપી છે કે જો કોઈ દર્દીમાં કોંગો ફીવરના લક્ષણો જોવા મળે તો તેના સેમ્પલ તાત્કાલિક લઈ ટેસ્ટિંગ માટે મોકલવામાં આવે અને આ અંગે મેડિકલ વિભાગને પણ જાણ કરવામાં આવે.આ સિવાય નાગૌરના ૨૦ વર્ષીય યુવકને જયપુરની હોસ્પિટલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યો હતો, તેનો મંકીપોક્સ ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. આ યુવક દુબઈથી જયપુર આવ્યો હતો અને એરપોર્ટ પર હેલ્થ ચેકઅપ દરમિયાન તેના શરીર પર ફોલ્લીઓ મળી આવી હતી. તપાસમાં તે મંકીપોક્સથી પીડિત હોવાનું જાણવા મળ્યું હતું.રાજ્ય સરકારે લોકોને કોંગો ફીવરના લક્ષણો અંગે સતર્ક રહેવા અપીલ કરી છે અને કોઈપણ શંકાસ્પદ પરિસ્થિતિ જણાય તો તુરંત ડોક્ટરનો સંપર્ક કરવો.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# નવરાત્રિના નવ દિવસ પછીથી જે દસમો દિવસ એટલે દશેરા તેનું મહત્વ



આસો માસની નવલી નવરાત્રિના નવ દિવસ પછીથી જે દસમો દિવસ આવે છે એને દશેરા તરીકે ઓળખવામાં આવે છે. દશેરાનો સાચો અર્થ માઠી દશા હરનાર એવો થાય છે. દશેરાનો ખરો અને સાચો ઉચ્ચાર દશહરા છે, પરંતુ કાળક્રમે અપભ્રંશ થઈને દશેરા શબ્દ બની ગયો છે. નવરાત્રિનાં નવ દિવસ મોડી રાત સુધી જાગીને રાસ ગરબા ખેલીને થાકેલા ખેલૈયાઓ દશેરાના દિવસે આરામ ફરમાવી આનંદ પ્રમોદ કરે છે. દશેરાને વિજયાદશમી તરીકે પણ ઓળખવામાં આવે છે. લંકામાં શ્રી રામ અને રાવણનું મહા યુદ્ધ સતતં નવ દિવસ સુધી ચાલ્યું હતું અને દશમા દિવસે રામે રાવણના રામ રમાડી દીધા હતા, તેથી આ પર્વને વિજયાદશમી તરીકે ઉજવવામાં આવે છે. વિજયાદશમી એ આસુરી શક્તિ તથા અસત્ય ઉપર સત્યના વિજયનું પ્રતીક છે. અહંકારી દુષ્ટ રાવણનો શ્રી રામચંદ્રે વધ કર્યો અને લંકા ઉપર જે વિજય પતાકા ફરકાવી અને સમગ્ર વાનર સેનાએ જે હર્ષોલ્લાસ મનાવ્યો તેને વિજયાદશમી કહેવામાં આવે છે.

દશેરાને બહુ પવિત્ર દિવસ માનવામાં આવે છે. દશેરાના દિવસે લોકો નવી પેઢી કે દુકાનનું ઉદ્ઘાટન કે શુભારંભ કરે છે. અમુક વ્યક્તિઓ પોતાના વાહનો તથા પશુધનને ફૂલહાર ચઢાવી શણગારે છે તો ક્ષત્રિયો પોતાના અસ્ત્ર શસ્ત્રની પૂજા કરે છે. ઔધોગિક કામદારો કારખાના કે ફેક્ટરીમાં મશીનોની સાફ સફાઈ તથા પૂજા અર્ચના કરે છે. દશેરાના દિવસે ગલગોટાના ફૂલથી પૂજા કરવાનું વિશેષ મહત્વ છે. દશેરાના દિવસે સમી વૃક્ષનું પૂજન કરવામાં આવે છે. એવુ કહેવાય છે કે પાંડવોએ બાર વર્ષના વનવાસ પછી તેરમા વર્ષે અજ્ઞાતવાસ વિતાવતાં પહેલાં, પોતાનાં દિવ્ય અસ્ત્ર શસ્ત્ર આ સમી વૃક્ષ પર છુપાવ્યા હતાં અને અજ્ઞાતવાસ પૂરો કર્યા પછી દશેરાના શુભ દિવસે સમી વૃક્ષની વિધિવત પૂજા અર્ચના કરીને, તેમનાં દિવ્ય આયુધો પરત મેળવ્યાં હતાં. અને આ કારણે જ ઈતિહાસમાં સમી વૃક્ષનું મહાત્મ્ય અનોખી રીતે વણાઈ ગયું છે. રાજા રજવાડાના વખતમાં પણ દશેરાના દિવસે જાતજાતની હરિફાઈ, કલા કરતબ તથા નાચગાનના રંગારંગ કાર્યક્રમો યોજાતા હતાં અને રાજા મહારાજાઓની શાહી સવારી આખા નગરમાં ફરતી હતી અને રાજા મહારાજાઓ તરફથી ખિતાબ, ઈલ્કાબ તથા માન આકરામથી વિશેષ વ્યક્તિઓને નવાજવામાં આવતા હતાં તથા ગરીબ,પછાત અને જરૂરતમંદ વ્યક્તિઓને દાન દક્ષિણા, ભેટ સૌગાતો તથા મિઠાઈ વહેંચવામાં આવતી હતી. મોટા શહેરોમાં રાતે રાવણ દહન જેવા કાર્યક્રમો યોજાય છે. દશેરાના દિવસે લગભગ નાના મોટા દરેક નગરોમાં જલેબી ફાફડા ખાવાનો રિવાજ છે. ટૂંકમાં દશેરા એ આનંદ પ્રમોદ અને ખુશી મનાવવાનું પર્વ છે.

**સાધકે સિદ્ધિદાત્રીના ધ્યાન વખતે નિર્વાણ ચક્ર જે આપણાં કપાળની વચ્ચે આજ્ઞા ચક્રથી સહેજ ઉપર સ્થિત હોય છે, ત્યાં લગાવવું જોઇએ.**

# નોમના નૈવેદમાં આદ્યશક્તિને ચરણે શ્રીફળ નહીં પણ ભોગ પ્રેરિત ભાગ્યને રમતું મુકવું પડશે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**માતા સિદ્ધિદાત્રી ભક્તોને દરેક પ્રકારની સિદ્ધિ પ્રદાન કરે છે. દેવીપુરાણ પ્રમાણે ભગવાન શિવે તેમની કૃપાથી જ આ સિદ્ધિઓને પ્રાપ્ત કરી હતી. તેમની અનુકંપ ાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું થયું હતું. આ કારણે તેઓ અર્ધનારીશ્વર નામથી પ્રસિદ્ધ થયાં. આપણે તો આ કળિયુગમાં આપણી સંવેદના બચાવી શકીએ, તો એનાથી મોટી કોઈ સિદ્ધી નથી, એટલે એની માટે પ્રાર્થના કરવી.**

અભય પદ દાયની રે! શ્યામા સાંભળજો અસાદ ભીડભંજની. છેટા રહોને સૌ છેટા રહો!; વંદન દેવી અંબા ભવાની, દર્શન ક્યારે દેશો દયાળી મા, આમ નિતનવા જેટલા ભાવ રાખવાં હોય એટલાં રાખી લઈએ! આજે મા નૈવેદ જમીને વિદાય લેશે! વળી આપણું જીવન ન જવાની દિશામાં જશે અને વળી.. જોકે આમ પણ આપણું જીવન રુપી વ્હાણ પણ મધદરિયે તોફાનમાં ઘેરાય ગયું છે! એક બાજુથી આધુનિકતાની આંધી પ્રવર્તી રહી છે, જે પોતાની ચકાચૌંધ રોશનીથી સૌને આકર્ષી રહી છે, તો બીજી બાજુથી સંસ્કૃતિ એ તરફ ન જા, એમાં તારું પતન થશે! એમ વિનંતી કરી રહી છે. આ સંજોગોમાં હે મા જગતજનની અમે કઈ દિશામાં જઈએ? એનું માર્ગદર્શન અમને તું જ પૂરું પાડી શકે તેમ છે!: જોકે આધુનિકતા એટલે માત્ર પહેરવેશ કે ખાનપાન નથી! પણ એની માટેની વધતી જતી લાલાયિતા આપણે સ્વાર્થી બનાવી રહી છે અને એને કારણે માનવી સંવેદનહીન થતો જાય છે! માનવતા મરતી જાય છે! એ બધું ચિંતાજનક છે. માતા દુર્ગાની નવમી શક્તિનું નામ સિદ્ધિદાત્રી છે. માતા સિદ્ધિદાત્રી ચાર ભુજાઓ વાળી છે. તેમનું વાહન સિંહ છે. તે કમળ ફૂલ ઉપર બિરાજમાન છે. તેમના જમણી બાજુના ઉપરના હાથમાં ગદા, અને નીચેના હાથમાં ચક્ર છે. ડાબી બાજુ ઉપરના હાથમાં કમળનું ફૂલ અને નીચેના હાથમાં શંખ છે. સાધકે સિદ્ધિદાત્રીના ધ્યાન વખતે નિર્વાણ ચક્ર જે આપણાં કપાળની વચ્ચે આજ્ઞા ચક્રથી સહેજ ઉપર સ્થિત હોય છે, ત્યાં લગાવવું જોઈએ. આવું કરવાથી દેવીની કૃપાથી આ ચક્ર સાથે સંબંધિત શક્તિઓ એટલે કે જીવન મોક્ષ પ્રાપ્ત થાય છે. માતા સિદ્ધિદાત્રી ભક્તોને દરેક પ્રકારની સિદ્ધિ પ્રદાન કરે છે. દેવીપુરાણ પ્રમાણે ભગવાન શિવે તેમની કૃપાથી જ આ સિદ્ધિઓને પ્રાપ્ત કરી હતી. તેમની અનુકંપાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું થયું હતું. આ કારણે તેઓ અર્ધનારીશ્વર નામથી પ્રસિદ્ધ થયાં. આપણે તો આ કળિયુગમાં આપણી સંવેદના બચાવી શકીએ, તો એનાથી મોટી કોઈ સિદ્ધી નથી, એટલે એની માટે પ્રાર્થના કરવી. આ ઉપરાંત આજે માતાજી ને નોમના નૈવેદ ધરાવવામાં આવશે. આપણે સ્થૂળ રુપે તો ખીર લાડુ લાપસી કે અન્ય મિષ્ટાન ધરાવીશું પણ મા સિદ્ધિદાત્રી સુધી પહોંચવું હોય તો શ્રીફળની બદલે ભોગ પ્રેરિત ભાગ્યને ફેડવુ પડશે! નોમના નૈવેદમાં, શક્તિ, બુદ્ધિ, વિદ્યા, ક્ષમા, મૈત્રી, પ્રિતી, ભક્તિ, કરુણા, અને શાંતિ એમ સૂક્ષ્મ શરીરમાં વસતી નવ કુમારિકાના પોષણ ની જવાબદારી સ્વીકારવી પડશે ટૂંકમાં નવ શક્તિ અને નવ ભક્તિ ને પોષણ આપી જગદંબા સુધી આસાનીથી પહોંચી શકાય એમ છે! આજે સ્તુતિના અંતિમ શ્લોકો જોઈએ.

**શક્રાદય**

**ઋષિરુવાચ**

**ઇતિ પ્રસાદિતા દેવૈર્જગતોઽર્થેતથાઽત્મનઃ**
**તથેત્યુક્ત્વા ભદ્રકાલી બભૂવાન્તર્હિતા નૃપ**
**ઋષિ કહે છે, (૩૮)**

હે રાજન્! દેવતાઓએ પોતાના તથા જગતના કલ્યાણને માટે ત્યારે દેવી ભદ્રકાળી ને આ પ્રમાણે પ્રસન્ન કર્યા ત્યારે તેઓ "તથાસ્તુ" કહીને ત્યાં જ અંતર્ધ્યાન થઈ ગયા. (૩૯)

**ઇત્યેતત્કથિતં ભૂપ સમ્ભૂતા સા યથા પુરા**
**દેવી દેવશરીરેભ્યોજગત્ત્રયહિતૈષિણી**

હે ભૂપાલ! આ પ્રમાણે અગાઉના સમયમાં ત્રણેય લોકનું કલ્યાણ ઈચ્છનાર દેવી જે રીતે દેવતાઓના શરીરમાંથી પ્રગટ થયાં હતાં. તે બધી કથા મેં તમને કહી સંભળાવી. (૪૦)

**પુનશ્ચ ગૌરીદેહાત્સા સમુદ્ભૂતા યથાભવત્**
**વધાય દુષ્ટદૈત્યાનાં તથા શુમ્ભનિશુમ્ભયોઃ**
**રક્ષણાય ચ લોકાનાં દેવાનામુપકારિણી**
**તચ્છૃણુષ્વ મયાઽઽખ્યાતં યથાવત્કથયામિ તે**

હવે દેવતાઓનો ઉપકાર કરનારા તે દેવી ફરી વાર દુષ્ટ દૈત્યો તથા શુંભ અને નિશુંભનો વધ કરવા માટે અને બધા લોકોનું રક્ષણ કરવા માટે જે રીતે ગૌરી દેવીના શરીરમાંથી પ્રગટ થયાં હતાં તે બધો વૃત્તાંત તમે મારા મુખેથી સાંભળો. હું તેનું યથાવત વર્ણન કરી તમને તે કહી સંભળાવું છું. (૪૧-૪૨)

**ઇતિ શ્રી માર્કણ્ડેયપુરાણેસાવર્ણિકેમન્વન્તરે,**
**દેવીમાહાત્મ્યે શક્રાદિસ્તુતિર્નામ ચતુર્થોઽધ્યાયઃ**

શ્રી માર્કણ્ડેય પુરાણમાં સાવર્ણિક મન્વન્તરમાં દેવી માહાત્મ્યમાં શક્રાદિ સ્તુતિ નામનો ચોથો અધ્યાય સમાપ્ત. તો આમ સુમેધા ઋષિ કે જે આ શક્રાદય સ્તુતિ ના વક્તા છે, એમણે સ્તુતિની સમાપ્તિ કરી, અને કંઈ રીતે ઈન્દ્ર આદિ દેવતાઓ એ મા જગદંબાની સ્તુતિ કરી હતી એ વાત તેઓ સુરથ રાજા તથા સમાધિવૈષ્યને સંભળાવે છે, એટલે કે એ બે પ્રધાન શ્રોતા છે. અહીં શક્રાદય સમાપ્ત થાય છે, પણ ચંડીપાઠ હજી પુરા થતા નથી, અને હજી પણ દેવી ચંડમૂંડ જેવા કેટલાય અસૂરોનો સંહાર કરે છે, એ વાત આગળના અધ્યાયમાં આવે છે. ચંડીપ ાઠને સપ્તસતિ પણ કહેવામાં આવે છે કારણ કે તેના ૭૦૦ શ્લોક છે. પરંતુ આપણી જેવા સંસારી માટે આ બધું બહુ અઘરું પડે તેમ છે, અને એમાં પણ આ તો સંસ્કૃત! આપણે તો આપણી ભાષા પણ ત્રુટી વગર બોલી શકતા નથી, એટલે એ દોષ પણ લાગવાની શક્યતા રહે. આપણી માટે તો કલ્યાણરૂપી શંકર સાથેનો હસ્ત મેળાપ જ આપણી બુદ્ધિને તીવ્રમાંથી તેજોમય બનાવી શકે તેમ છે, અને એકમાત્ર વિકલ્પની તક જવાબ દેવી એ મૂર્ખામી છે. તીવ્ર બુદ્ધિ ને કારણે વિચારમાં વિકાર પ્રવેશવાની પૂરેપૂરી સંભાવના છે, જ્યારે બુદ્ધિ નું શ્રદ્ધા સ્વરૂપ વિચારમાં વિલાસિતા કે વિકારિતા પ્રવેશવા દેતી નથી. વિકાર અને વિચાર બંને શબ્દમાં મધ્યમાં રહેલા વર્ણક્ષરનો જ તફાવત છે. એકવાર વિકારના વિનાશનો વિચાર આવે તો એને તરત પકડી લેવો, અને વિવેક રુપી કોઈ ગુરુના વચનોને યાદ કરી એને અનુસરવું. માત્ર ચિત્ર નહીં પણ ચરિત્રના મુખ્ય ગુણધર્મને જીવનમાં ઉતારી જીવવું, જેથી ધીરેધીરે સરળતા, સહજતા, સાત્વિકતા, તરફ પદાર્પણ થશે. વિચારોની સાત્વિકતા જ આમ પણ વિકારોને મીટાવી શકે છે, અને એ રીતે બુદ્ધિની તીવ્રતા ઓછી થશે, અને ખુદનાં સ્વરૂપનો બોધ થતાં દિવ્યતા પ્રાપ્ત થશે, જે ખુદનું તેજ નિર્માણ કરશે. ઉપ રાંત અસ્તિત્વની કૃપાનું તેજ પણ તેમાં ભળશે, અને એ રીતે આત્મદીપ પૂર્ણ તેજોમય પ્રકાશથી ઝળહળી ઉઠશે. અહીં થોડો પણ પ્રયત્ન કરવામાં આવે તો મા જગદંબાની અનન્ય કૃપાના પ્રસાદ રૂપે પ્રતાપી પણું પ્રાપ્ત થાય છે, અને સિદ્ધિ પ્રસિદ્ધિનાં ઢેર ખડા થાય છે, પણ સાધક ભક્તને એ સિદ્ધિ પ્રસિદ્ધીમાં રૂચિ નથી હોતી. એને તો કેવળ અને કેવળ અસ્તિત્વ રુપે પ્રગટ અપ્રગટ જગદંબાની દિવ્ય સ્મૃતિ રૂપે થતી સ્તુતિથી તેની સાથે જોડાયેલા રહેવામાં જ આનંદ આવે છે. શ્રદ્ધા તેજોમય બનશે ત્યારે જ એને આત્મા કોણ છે? અને પરમાત્મા કોણ છે એવી જીજ્ઞાસા થશે, અને તો જ જીવન યજ્ઞમાં શક્રાદય સ્તુતિ પછી બીડું હોમાયા જેવી અનૂભૂતિ થશે, અને ભક્તિ ની શક્તિ રુપે કંઈક નક્કર પરિણામ મળશે. જય અંબે.



**નવદુર્ગાના સિદ્ધિ અને મોક્ષ આપનારા સ્વરૂપને સિદ્ધિદાત્રી કહે છે, સિદ્ધિદાત્રીની પૂજા નવરાત્રના નવમા દિવસે કરવામાં આવે છે**

# ઉમંગને ઉત્સાહનો થાળ ભરીને એ લાવી લાવી લાવી દુઃખ દર્દ જીવનના દીધા એણે ભુલાવી ભુલાવી ભુલાવી સિધ્ધિદાત્રિ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દેવ, યક્ષ, કિન્નર, દાનવ, ઋષિ-મુનિ, સાધક અને ગૃહસ્થ આશ્રમ માં જીવનયાપન કરનારા ભક્ત સિદ્ધિ દાત્રીની પૂજા કરે છે, તેનાથી તેમને યશ, બળ અને ધનની પ્રાપ્તિ થાય છે, સિદ્ધિદાત્રી દેવીએ તમામ ભક્તોને મહાવિદ્યા ઓની અષ્ટ સિદ્ધિઓ પ્રદાન કરે છે, જે શુદ્ધ અને સાચા મનથી તેમની આરાધના કરે છે, મા દુર્ગાજીની નવમી શક્તિનું નામ સિદ્ધિદાત્રી છે.**

નવમ્ સિધ્ધિદાત્રી ચ નવદુર્ગાઃ પ્રકીર્તિતાઃ મ ઉક્તાન્યાતિ નામાનિ બ્રહ્મણેવ મહાત્માય સિધ્ધગન્ધર્વયક્ષાયરસુરેરમરેપિ સેવ્યમાના સદા ભૂયાત્ સિદ્ધિદા સિધ્ધિ દાયિનીય, ભારતીય સંસ્કૃતિમાં વ્રત તહેવાર આરાધના ઉપાસનાનું આગવું મહત્વ છે. આ બધામાં આસો માસના નવલાં નોરતાંની મોજ તો ગુજરાતના રાસ ગરબાની રમઝટ માટે શ્રાવણ માસથી પગમાં થન ગનાટ શરૂ થાય. આ વર્ષે નવને બદલે દશ નોરતાં આવ્યાં ગમ્યું .આજે મા શકિતની આરાધના ઉપાસનાનો છેલ્લો દિવસ પણ આવતી કાલે ગરબા રમશું. આ આરાધના ઉપાસના દરમ્યાન જે મલીનતા બહાર આવી તેનું દહન કરી વિજયોત્સવ દશેરો શસ્ત્ર પૂજન સાથે મનાવીશું શરદપૂનમની સાથે દિપોત્સવી- નૂતન વર્ષના વધામણા માટેની તૈયારીઓ શરૂ થશે. નવદુર્ગાના સિદ્ધિ અને મોક્ષ આપનારા સ્વરૂપને સિદ્ધિદાત્રી કહે છે. સિદ્ધિદાત્રીની પૂજા નવરાત્રના નવમા દિવસે કરવામાં આવે છે. દેવ, યક્ષ, કિન્નર, દાનવ, ઋષિ- મુનિ, સાધક અને ગૃહસ્થ આશ્રમ માં જીવનયાપન કરનારા ભક્ત સિદ્ધિ દાત્રીની પૂજા કરે છે. તેનાથી તેમને યશ,બળ અને ધનની પ્રાપ્તિ થાય છે. સિદ્ધિદાત્રી દેવીએ તમામ ભક્તોને મહાવિધા ઓની અષ્ટ સિદ્ધિઓ પ્રદાન કરે છે, જે શુદ્ધ અને સાચા મનથી તેમની આરાધના કરે છે. મા દુર્ગાજીની નવમી શક્તિનું નામ સિદ્ધિદાત્રી છે. તેઓ સર્વે સિદ્ધિ ઓને આપનારા છે. માર્કંડેયપુરાણ મુજબ અણિમા, મહિમા, ગરિમા, લધિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ -આ આઠ સિદ્ધિઓ હોય છે. બ્રહ્મવૈવર્તપુરાણના શ્રી કૃષ્ણ જન્મખંડમાં આ સંખ્યા અઢારની દર્શાવવામા આવી છે. તેમના નામ આ પ્રમાણે છેઃ (૧) અણિમા (૨) લધિમા (૩) પ્રાપ્તિ (૪) પ્રાકામ્ય (૫) મહિમા (૬) ઈશિત્વ, વાશિત્વ (૭) સર્વકામા વસાયિતા (૮) સર્વજ્ઞત્વ (૯) દૂર શ્રવણ (૧૦) પરકાયપ્રવેશન (૧૧) વાકસિદ્ધિ(૧૨) કલ્પવૃક્ષત્વ (૧૩) સૃષ્ટિમા સિદ્ધિ દાત્રી (૧૪) સંહારકરણસામર્થ્ય (૧૫) અમર ત્વ (૧૬) સર્વન્યાયક ત્વ (૧૭) ભાવના (૧૮) સિદ્ધિ ભક્તો અને સાધકોને આ સર્વે સિદ્ધિઓ પ્રદાન કરવા સમર્થ છે. દેવીપુરાણ મુજબ ભગવાન શિવે તેમની કૃપાથી જ આ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી, તેમની અનુકંપાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું બન્યું હતું. આ જ કારણે તેઓ આ લોકમાં રઅર્ધનારીશ્વર નામે પ્રસિદ્ધ થયા. મા સિદ્ધિદાત્રી ચાર ભુજાઓ વાળા છે. તેમનું વાહન સિંહ છે. તેઓ કમળ પર પણ બિરાજમાન થાય છે. એમના જમણી બાજુના નીચેના હાથમાં ચક્ર, ઉપરવાળા હાથ માં ગદા તેમજ ડાબી બાજુના નીચેના હાથમાં શંખ અને ઉપરવાળા હાથમાં કમળ શોભાયમાન છે. નવરાત્રિ પૂજનના નવમા દિવસે તેમની ઉપાસના કરવામાં આવે છે. આ દિવસે શાસ્ત્રીય વિધિ- વિધાન અને પૂર્ણ નિષ્ઠા સાથે સાધના કરનારા સાધકને સર્વે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ જાય છે. સૃષ્ટિમાં કંઈ પણ તેના માટે અગમ્ય રહેતું નથી. બ્રહ્માંડ પર પૂર્ણ વિજય પ્રાપ્ત કરવાનું સામર્થ્ય તેનામાં આવી જાય છે. પ્રત્યેક મનુષ્યનું એ કર્તવ્ય છે કે તે મા સિદ્ધિદાત્રીની કૃપા પ્રાપ્ત કરવાનો પ્રયાસ નિરંતર કરે. તેમની આરાધના કરવા આગળ વધે. તમની કૃપાથી અનંત દુઃખરૂપ સંસારમાં નિર્લિપ્ત રહીને સમસ્ત સુખોનો ભોગ કરતાં કરતાં/ તે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. નવદુર્ગાઓમાં મા સિદ્ધિદાત્રી છેલ્લાં છે. અન્ય આઠ દુર્ગાઓની પૂજા- ઉપાસના શાસ્ત્રીય વિધિ વિધાન અનુસાર કરતાં કરતાં ભક્ત દુર્ગા પૂજાના નવમા દિવસે એમની ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે. આ સિદ્ધિ દાત્રીમાની ઉપાસના પૂર્ણ કરી લીધા બાદ ભક્તો અને સાધકોની લૌકિક -પારલૌક્કિ સર્વે પ્રકારની કામનાઓની પૂર્તિ થઈ જાય છે; પરંતુ સિદ્ધિદાત્રી માના કૃપાપાત્ર ભક્તના હૃદયમાં એવી કોઈ કામના શેષ રહેતી જ નથી, જે તે પૂર્ણ કરવા માગે, તેની બધી સાંસારિક ઈચ્છાઓ, આવશ્યકતાઓ અને સ્પૃહાઓ થી ઉપર ઉઠીને માનસિક રૂપે મા ભગવતીના દિવ્ય લોકોમાં વિચરણ કરતાં અને તેમના કૃપા-રસ -પિયુષનું નિરંતર પાન કરતાં કરતાં વિષપ ન્ત્યોગ-શૂન્ય થઈ જાય છે. મા ભગવતીનું પરમ સાનિધ્ય જ તેનું સર્વસ્વ બની જાય છે. આ પરમ પદને પામ્યા બાદ તેને અન્ય કોઈ પણ વસ્તુની આવશ્યકતા રહેતી જ નથી. નવમા દિવસે સિદ્ધિદાત્રીને ફળ, હલવો, પૂરી, કાળા ચણા અને નારિયેળનો ભોગ ધરાવવામાં આવે છે. જે ભક્ત નવરાત્રીનું વ્રત કરી નવમા પૂજન સાથે સમપાન કરે છે, તેમને આ સંસારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ હોય છે. આ દિવસે દુર્ગાસપ્તશતીના નવમા અધ્યાયથી માતાનું પૂજન કરો. નવરાત્રમાં આ દિવસે દેવી સહિત તેમના વાહન, સાયુજ એટલે કે હથિયાર, યોગનીઓ અને અન્ય દેવીદેવતાઓનાં નામથી હવન કરવાનું વિધાન છે. તેનાથી ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. માતાજીની પૂજા બાદ કુંવારી કન્યાઓને ભોજન કરાવવામાં આવે છે. તેમને માતા ના પ્રસાદની સાથે દક્ષિણા આપવામાં આવે છે અને ચરણ સ્પર્શ કરી આશીવાદ લેવામાં આવે છે.આઠ દિવસ વ્રત, નવમી પૂજા અને કન્યાઓને ભોજન કરાવ્યા બાદ માતાજી ગરબીને વિદાય આપવામાં આવે છે.આજે આઠમની પલ્લી ભરાય તો નવમું નોરતું પણ છે.વાચક ચાહક શુભેચ્છક મિત્રો નવ દિવસ આપ સૌ નવદુર્ગાની આરાધના ઉપાસનામાં એકાગ્રતા પ્રાપ્ત કરી હશે. કલમ થકી આપના સુધી નવ દિવસ કંઈક પિરસવા કોશિષ કરી છે. જેમાં કંઈ ક્ષતિ રહી હોય તો ક્ષમ્ય ગણશો. નવરાત્રિ દિવસની આરાધના ઉપાસના થકી વિકૃતિઓ મલીનતા દેખાઈ હોય તો આવતી કાલે રાવણ સાથે દહન કરી દીપોત્સવી- ૨૦૮૧ના નૂતન વર્ષની પરિવાર કુંટુંબમાં ઉજવણી કરો તેવી શુભેચ્છા નવલા નોરતાની આરાધના ઉપાસનાનું ઉત્તમ ફળ મા શકિત ભવાની સૌને આપે તેવી પ્રાર્થના.



## મિથુન ચક્રવર્તીને મળ્યો દાદાસાહેબ ફાળકે એવોર્ડ

૮ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ, બોલિવૂડ અભિનેતા મિથુન ચક્રવર્તીને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ભારતીય સિનેમાના વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહ '૭૦મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર' દરમિયાન અભિનેતાનું સન્માન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું છે. ૩૫૦થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા મિથુને પોતાના અભિનયથી ભારતભરમાં પોતાનું નામ રોશન કર્યુ છે. પુરસ્કાર માટે જતી વખતે, અભિનેતાએ આ સન્માન પર ખુશી વ્યક્ત કરી અને કહ્યું, આટલા મોટા સન્માન માટે ભગવાનનો આભાર.આ એવોર્ડ મળવા પર ખુશી વ્યક્ત કરતા મિથુને કહ્યું, ડાયલોગ આપ્યો હોત તો બોલી લેત પરંતુ, મને સ્પીચ આપવા માટે કહેવામાં આવ્યું છે, હું શું કહું તે હું સમજી શકતો નથી. હું ફક્ત એટલું જ કહી શકું છું કે હું તમારા આશીર્વાદથી ત્રણ વખત આ પ્લેટફોર્મ પર આવ્યો છું. પરંતુ મને પહેલીવાર નેશનલ એવોર્ડ મળ્યો તેની ઘણી બધી વાતો છે જે મેં કોઈને કહી નથી. જ્યારે તે મળ્યો તો લોકો કહેવા લાગ્યા કે અરે, તમને નેશનલ એવોર્ડ મળ્યો છે. તેથી હું એટલો પાગલ થઈ ગયો કે મેં કંઈક મોટું કર્યું. નેશનલ એવોર્ડ મળ્યા પછી મારું મન ગાંડું થઈ ગયું હતું. હું મારી જાતને અલ પચિનો તરીકે સમજવા લાગ્યો. હું ડાયરેક્ટર-પ્રોડ્યુસરની ઑફિસમાં ગયો અને બગાસું મારવા લાગ્યો. હું કહેતો હતો કે ફિલ્મની વાર્તા મારા ઘરે મોકલો. ત્યારે એક પ્રોડ્યુસરે મને લાત મારી અને અહીંથી ચાલ્યા જવાનું કહ્યું. પછી મને થયું કે હવે મને કોઈ કામ નહીં આપે. બધાએ મને પછીથી અભિનેતા તરીકે સ્વીકાર્યો.

# અનન્યા પાંડેની યૂથને સલાહ સોશિયલ મીડિયાથી સાવધ રહો

**વિવિધ એપ્લિકેશન દ્વારા લેવામાં આવતી પરમિશન અને કૂકીઝ પોલિસી ધ્યાન રાખી શકતી નથી**

અનન્યા પાંડેએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં એક જેનઝી આઈકોન તરીકે પોતાનું એક સ્થાન બનાવી લીધું છે. સાથે જ તે પોતાના સોશિયલ મીડિયા દ્વારા વિવિધ ઈશ્યુ પર ખુલીને પોતાના વિચારો પણ વ્યક્ત કરતી રહી છે. પછી તે સોશિયલ મીડિયાના ખતરાની વાત હોય કે પછી ડેટા લીકનો ડર હોય, તે અભિનય સાથે યૂથનો અવાજ પણ બનતી રહી છે. જે પોતાના કામ દ્વારા અવેરનેસ લાવવામાં માને છે. અર્જુન વરેન સિંઘની ફિલ્મ 'ખો ગયે હમ કહાં'માં અનન્યાએ એક એવી યુવતીનો રોલ કર્યો છે જે પોતાના બોયફ્રેન્ડથી પણ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ જેટલી જ એડિક્ટેડ હોય છે. તાજેતરમાં આવેલી તેની વૅબ સિરીઝ 'કોલ મી બૅ'માં તેણે એક સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સરનો રોલ કર્યો છે, જે પાછળથી એક જર્નાલિસ્ટ બને છે અને ડેટા લીક રૅકેટ સામે લડે છે. તેની છેલ્લે આવેલી ઓટીટી ફિલ્મ 'સીટીઆરએલ'માં તે એક એવી કન્ટેન્ટ ક્રિએટરનો રોલ કરે છે જે પોતાના એક્સ બોયફ્રેન્ડને પોતાની યાદોમાંથી દૂર કરવા માટે એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલનો ઉપયોગ કરે છે અને એઆઈ પરિસ્થિતિ પર કાબૂ મેળવે એવું તે ઈચ્છે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં



અનન્યાએ કહ્યુંહતું કે તે ઘણી વખત એમ જ કારણ વિના ઈન્સ્ટાગ્રામ સ્ક્રોલ કરતી હોય છે, પરંતુ CTRLના અનુભવે તેને વધુ વિચારપૂર્વક સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી કરી દીધી છે. તેણે ડિજિટલ માધ્યમો અંગે જાગૃતિના મહત્વ વિશે ખાસ વાત કરી હતી, ખાસ કરીને તેણે વિવિધ એપ્લિકેશન દ્વારા લેવામાં આવતી પરમિશન અને કૂકીઝ પોલિસી અંગે ધ્યાન રાખવા કહ્યું હતું. તેણે એમ પણ કહ્યું હતું કે તે હજુ પણ આ બધામાં જોઈએ તેટલું ધ્યાન રાખી શકતી નથી પરંતુ તે કાળજીપૂર્વક ઉપયોગ ચોક્કસ કરે છે. તેણે યુવાનોને સલાહ આપતાં સ્વીકાર્યું હતું કે હું પણ જેટલી સલાહ આપું છું એટલું ફોલો કરી શકતી નથી, પરંતુ હું ધ્યાન રાખવાની કોશિશ કરું છું. અનન્યાએ કેટલીક ટિપ્સ પણ શેર કરી હતી. તેણે કહ્યું હતું કે દરેક એકાઉન્ટ માટે ડબલ પાસવર્ડની સુરક્ષા હોવી જરૂરી છે.

## રજનીકાંત-મણિરત્નમ 33 વર્ષ બાદ સાથે ફિલ્મ કરશે

સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ એક્ટર અને ડાયરેક્ટર વર્ષોના ગેપ પછી સાથે કામ કરવા તૈયારી કરી રહ્યા છે. રજનીકાંત અને મણિરત્નમે છેલ્લે ૩૩ વર્ષ અગાઉ સાથે કામ કર્યું હતું. વર્ષો પછી તેઓ સાથે ફિલ્મ કરે તેવી શક્યતા છે, જેની ઓફિશિયલ એનાઉન્સમેન્ટ ડિસેમ્બર મહિનામાં રજનીકાંતના જન્મદિને થઈ શકે છે. મણિરત્નમ એવા ડાયરેક્ટર છે, જેમની સાથે કામ કરવા દરેક એક્ટર આતુર રહે છે. મણિરત્નમ અને કમલ હાસન ૩૬ વર્ષ બાદ સાથે કામ કરી રહ્યા હોવાના રિપોર્ટ્સ થોડા દિવસ અગાઉ આવ્યા હતા. હવે ૩૩ વર્ષના ગેપ બાદ રજનીકાંત અને મણિરત્નમ સાથે ફિલ્મ કરે તેવી શક્યતા છે. છેલ્લે ૧૯૯૧ના વર્ષમાં તેમણે 'થલપતિ'માં સાતે કામ કર્યું હતું. આ ફિલ્મમાં રજનીકાંતની સાથે મામૂટી પણ મહત્ત્વના રોલમાં હતા. મહાભારતમાં કર્ણ અને દુર્યોધનની મિત્રતાને આધુનિક સંદર્ભો સાથે રજૂ કરવાનો પ્રયાસ આ ફિલ્મમાં થયો હતો. રજનીકાંતે તેમાં કર્ણના પ્રતિબિંબ સમાન સૂર્યનું પાત્ર ભજવ્યુ હતું. જ્યારે દુર્યોધન સમાન દેવરાજનો રોલ મામૂટીનો હતો. અરવિંદ સ્વામી, અમરીશ પુરી અને ભાનુપ્રિયા પણ આ ફિલ્મમાં મહત્ત્વના રોલમા હતા. ક્રિટિક્સ અને ઓડિયન્સ બંનેને ખૂબ પસંદ આવેલી આ ફિલ્મનો સમાવેશ કલ્ટમાં થાય છે. રજનીકાંત અત્યારે ગ્યાનવેલ સાથે 'વેટ્ટૈયાં'માં કામ કરી રહ્યા છે. તેમાં અમિતાભ બચ્ચન અને ફહાદ ફાસિલ મહત્ત્વના રોલમાં છે. શ્રુતિ હાસન અને નાગાર્જુન સાથે 'કુલી'માં પણ રજનીકાંત જોવા મળશે. મણિરત્નમ 'ઠગ લાઈફ'નીતૈયારી કરી રહ્યા છે. આમ, રજનીકાંત અને મણિરત્નમ પોતાના પ્રોજેક્ટમાં બિઝી હોવાથી કોઈ અપડેટ આવી નથી.

### એક મહાન અભિનેત્રી હોવા ઉપરાંત ખૂબ જ સારી ગાયિકા પણ

# કરીનાએ આલિયાની સિંગિંગની ઉડાવી મજાક



દરેક વ્યક્તિ જાણે છે કે, બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટ એક મહાન અભિનેત્રી હોવા ઉપરાંત ખૂબ જ સારી ગાયિકા પણ છે. તેણે ફિલ્મ 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા'માં સમજાવાં ગીત ગાયું હતું. આ સિવાય તેણે ફિલ્મ 'ઉડતા પંજાબ'માં દિલજીત દોસાંઝ સાથે ઈક કુડી ગીત પણ ગાયું છે.એક તરફ જ્યાં આલિયા ભટ્ટના ફેન્સ તેની ગાયકીના વખાણ કરતાં થાકતા નથી, ત્યારે એવું લાગે છે કે, નણંદ એટલે કે કરીના કપૂરને આલિયાનું ગીત બહુ પસંદ નહોતું આવ્યું. જોકે, બંને નણંદ-ભાભી વચ્ચે સારું બોન્ડિંગ છે, પરંતુ અત્યારે લાગે છે કે આલિયા ભટ્ટ તેને પ્રભાવિત કરવામાં નિષ્ફળ રહી છે.હાલમાં જ કરીના કપૂરના શો 'વોટ વુમન વોન્ટ'નો પ્રોમો રિલીઝ થયો હતો જેમાં કરીના કપૂર તેની ભાભી આલિયા ભટ્ટને ટોણા મારતી જોવા મળી હતી. આ વીડિયોમાં આલિયા કહે છે કે, તે નાની હતી ત્યારથી જ તેને ગાવાનો શોખ છે.





આના પર કરીના મજાકમાં કહે છે, 'મને ખબર નથી કે તારો અવાજ સારો છે કે નહીં?' આના પર આલિયા તરત જ કહે છે કે હું બાથરૂમમાં ગીત ગાઈ શકું છું. આ પછી ક્લિપમાં શ્રેયા ઘોષાલ જોવા મળે છે જે કહે છે- 'હવે આને રોકો.'તાજેતરમાં, કેટલીક ઈવેન્ટ્સમાં, આલિયા 'પુષ્પાઃ ધ રાઈઝ'નું ગીત 'ઉ અંતવા' ગાતી જોવા મળી હતી. આ ગીત સાંભળીને સામંથા રૂથ પ્રભુ પણ પ્રભાવિત થઈ ગઈ હતી. અગાઉ, તેણે તેની ફિલ્મ દેવરામાં જુનિયર એનટીઆર માટે એક તમિલ ગીત પણ ગાયું હતું.

### હોરર અને કોમેડીનું અદ્ભુત મિશ્રણ

# મંજુલિકાના વેશમાં માધુરી દીક્ષિત

**તાજેતરમાં જ અજય દેવગનની ફિલ્મ સિંઘમ અગેનનું ટ્રેલર રિલીઝ થયું હતું**

ડિરેક્ટર અનીસ બઝમી આ વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩' સાથે ફરી એકવાર દર્શકોને હસાવવા અને ડરાવવા તૈયાર છે, જે હોરર અને કોમેડીથી ભરપૂર છે. ચાહકો લાંબા સમયથી તેના ટ્રેલરની રાહ જોઈ રહ્યા હતા અને હવે રાહ પૂરી થઈ ગઈ છે. 'ભૂલ ભુલૈયા ૩'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે.'ભૂલ ભુલૈયા ૩'નું ટ્રેલર જયપુરના રાજ મંદિરમાં લોન્ચ કરવામાં આવ્યું છે. કાર્તિક આર્યન ફરી એક વાર તે ભૂતિયા હવેલીમાંથી ભૂતને ભગાડવા અને કેટલાક વણઉકેલાયેલા રહસ્યોને ઉકેલવા માટે રૂહ બાબા તરીકે જોવા મળશે. ટ્રેલરમાં મંજુલિકા તરીકે વિદ્યા બાલનનો ડરામણો લુક જોવા જેવો છે. 'ભૂલ ભુલૈયા' ફ્રેન્ચાઇઝીના પહેલા ભાગની જેમ આ ભાગમાં પણ વિદ્યાનું ડરામણું સ્વરૂપ જોવા મળશે. આ ઉપરાંત ટ્રેલરમાં તૃપ્તિ ડિમરી સાથે કાર્તિકના રોમેન્ટિક એન્ગલએ પણ ધ્યાન ખેંચ્યું છે.ટ્રેલરમાં માધુરી દીક્ષિત આશ્ચર્યજનક તત્વ તરીકે ઉભરી આવી છે. તે આ ફિલ્મની નવી મંજુલિકા છે. મતલબ કે આ વખતે રૂહ




બાબા એક નહીં પરંતુ બે મંજુલિકા સામે જોવા મફશે. ફિલ્મમાં બંને અભિનેત્રીઓના ડાન્સ નંબર પણ છે.આ ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મ વર્ષ ૨૦૦૭માં આવી હતી. તેનું દિગ્દર્શન પ્રિયદર્શને કર્યું હતું. તે જ સમયે, ૧૫ વર્ષ પછી એટલે કે ૨૦૨૨ માં, 'ભૂલ ભૂલૈયા ૨' સિનેમાઘરોમાં આવી. ફ્રેન્ચાઈઝીના બીજા ભાગનું નિર્દેશન અનીસ બઝમી દ્વારા કરવામાં આવ્યું હતું અને તે આ ફ્રેન્ચાઈઝીના ત્રીજા ભાગના નિર્દેશક પણ છે. ૨૦૨૨માં રિલીઝ થયેલી ફિલ્મ ભૂલ ભુલૈયા ૨એ બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી.'ભૂલ ભુલૈયા ૨' એવા સમયે રિલીઝ થઈ હતી જ્યારે બોલિવૂડની અન્ય તમામ ફિલ્મો ફલોપ થઈ રહી હતી.

### ફિલ્મનું શૂટિંગ ૨૦૨૫ની શરૂઆતમાં શરૂ થશે

## 'સ્પિરિટ'નું શૂટિંગ ચાલતું હશે ત્યારે પ્રભાસ અન્ય પ્રોજેક્ટ નહીં કરે



**સંદીપ રેડ્ડી વાંગા હાલ તેની આગામી ફિલ્મ 'સ્પિરિટ'ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે, જેમાં પ્રભાસ લીડ રોલમાં છે**

સંદીપ રેડ્ડી વાંગા હાલ તેની આગામી ફિલ્મ 'સ્પિરિટ'ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે, જેમાં પ્રભાસ લીડ રોલમાં છે. ફિલ્મનું શૂટિંગ ૨૦૨૫ની શરૂઆતમાં શરૂ થશે. પહેલાં વાંગાનો વિચાર આ ફિલ્મનું શૂટ ઓક્ટોબર ૨૦૨૪માં શરૂ કરી દેવાનો હતો, પરંતુ એક ખાસ કારણસર તેણે શૂટ આવતા વર્ષ કરવાનું નક્કી કર્યું છે. વાંગાની ઈચ્છા છે કે, 'સ્પિરિટ'નું શૂટિંગ ચાલતું હોય ત્યારે પ્રભાસ અન્ય કોઈ પ્રોજેક્ટ પર કામ ના કરે અને બધું ધ્યાન 'સ્પિરિટ' પર જ આપે. આ સાથે વાંગાએ પોતાની કેટલીક માગણી પણ પ્રભાસને જણાવી હતી. પ્રભાસે વાંગાની આ સ્પેશિયલ ડીમાન્ડ પૂરી કરવા ખાતરી આપી હોવાનું કહેવાય છે. સંદીપ રેડ્ડી વાંગાએ પોતાની આ ફિલ્મ માટે પ્રભાસનો એક અલગ પ્રકારનો લૂક નક્કી કર્યો છે. સાથે તે નથી ઈચ્છતો કે, પ્રભાસ જ્યારે તેની ફિલ્મ માટે કામ કરતો હોય ત્યારે બીજી કોઈ ફિલ્મમાં ધ્યાન આપે. તેને પ્રભાસનું બધું જ ધ્યાન પોતાની ફિલ્મ પર જોઈએ છે. તેથી વાંગાની આ ડિમાન્ડને ધ્યાનમાં લઈને પ્રભાસે 'સ્પિરિટ'નું શૂટ શરૂ કરે તે પહેલાં બાકીના બધાં જ પ્રોજેક્ટ પૂરા કરવાનું નક્કી કર્યું છે. તે હાલ નવેબર કે ડિસેમ્બરમાં 'ધ રાજા સાબ' માટે કામ પૂરું કરશે. પ્રભાસ 'સ્પિરિટ'નું કામ શરૂ કરે તે પહેલાં હનુ રઘુવાપુડીની 'ફૌજી'નું અડધું કામ પણ પૂરું કરી લેશે. સંદીપ રેડ્ડી વાંગાની ક્રાઈમ ડ્રામામાં પ્રભાસ એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. આ એક ડ્રગ માફિયા આધારિત સ્ટોરી છે. ટી-સિરીઝ આ ફિલ્મને પ્રોડ્યુસ કરશે, જેમાં એક નહીં પણ બે હિરોઈન લીડ રોલમાં હશે.સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મમાં હિંસા અને ક્રૂરતા સહજ રીતે દર્શાવવામાં આવે છે, તેથી તેની ફિલ્મોને ઘણા વિવેચકો મહિલા વિરોધી પણ ગણાવે છે.

# રાઈમા સેને જણાવ્યું કે મા દુર્ગા જેવા તમામ ગુણ સ્ત્રીમાં હોય છે

**આ ધાર્મિક બાબતથી પણ ઉપર છે, બંગાળીઓ દુર્ગાપૂજા સાથે ભાવનાત્મક રીતે જોડાયેલાં છે**

રાઈમા સેન કામના કારણે બે વર્ષના બ્રેક પછી નવરાત્રિ દરમિયાન દુર્ગા પૂજાની ઉજવણી માટે કોલકાતા પાછી ફરી છે. જેમ ગુજરાતીઓ માટે નવરાત્રિ અને ગરબાનું અનોખું મહત્વ છે, તેમ જ બંગાળીઓ માટે દુર્ગાપૂજા મહત્વની છે. આ અંગે વાત કરતાં રાઈમા સેને જણાવ્યું હતું,''આ ધાર્મિક બાબતથી પણ ઉપર છે, બંગાળીઓ દુર્ગાપૂજા સાથે ભાવનાત્મક રીતે જોડાયેલાં છે. આ પર્વ નારીશક્તિની ઉજવણી સમાન છે અને દરેક સ્ત્રીમાં મા દુર્ગા જેવા ગુણ હોય છે. યુનેસ્કો દ્વારા પણ તેને માન્યતા મળી ગઈ છે, ત્યારે એની વિશ્વકક્ષાએ નોંધ લેવાઈ ગણાય. તેની સાથે અનેક લાગણીઓ અને ભાવનાઓ સંકળાયેલી છે, બંગાળીઓ માટે તે ક્રિસમસ જેવો તહેવાર છે. એ અમારું ગૌરવ પણ છે.''એક સ્ત્રીમાં મા દુર્ગાની શક્તિનું દર્શન થાય છે, તે અંગે રાઈમાએ કહ્યું,''આપણે એક સ્ત્રી તરીકે જે ગુણો ધરાવીએ છીએ એ બધાં જ મા દુર્ગાના ગુણો છે, તાકાત, શક્તિ, ધીરજ, માતૃત્વ અને સુરક્ષા. એ આપણી અંદર રહેલાં છે, આપણી દરેકની અંદર એ શક્તિ રહેલી છે. તેથી આ તહેવાર સ્ત્રીત્વનો પણ તહેવાર છે.'' રાઈમાએ પોતાની દાદીના ઘરમાં નાની ઉંમરમાં તેની બહેન રીયા સેન સાથે માણેલી નવરાત્રિની યાદો તાજી કરતાં કહ્યું,



''અમે મૂર્તિ લાવતા અને શણગારતાં હતા અને અમારાં સમગ્ર પરિવાર સાથે પંગતમાં બેસીને કેળના પાન પર ભોજન કરતાં હતાં. અમે સાડીઓ પહેરતાં અને મિત્રોને ઘેર જતાં હતાં અને સાથે મળીને નૃત્ય કરતાં હતાં. રીયા અને હું શું પહેરવું એ વિશે બહુ ચોક્કસ હતાં અને અમે મારી મા પાસે અમારા માટે એક સરખાં કપડાં લેવડાવતાં હતાં. અમારા માટે આ વર્ષનો સૌથી શ્રેષ્ઠ અને મજા કરવાનો સમય હતો. પરંતુ હવે મને મારી મા અને દાદીની સાડીઓ અને ઘરેણાં પહેરવાં ગમે છે.''રાઈમાએ કહ્યું કે તેના દાદીના ૨૦૧૪માં અવસાન બાદ હવે તેના ઘરની ઉજવણી પણ બદલાઈ ગઈ છે. ''હવે અમે ઘરમાં બહુ ઉજવણી કરતાં નથી પણ મારી બહેન મુંબઈથી આવે છે, અમે પરિવાર સાથે સમય વિતાવીએ છીએ. હવે વિદેશથી પણ ઘણા લોકો દુર્ગા પૂજા માણવા કોલકાતા આવે છે. હવે બંગાળી નથી એવા લોકોને પણ આ તહેવારનો અનુભવ કરવો ગમે છે.''કોલકાતાની ઉજવણીના અનોખા માહોલ વિશે રાઈમાએ ઉત્સાહપૂર્વક જણાવ્યું,''તમને જાણે બધાં જ લોકો રસ્તા પર છે એવું લાગશે, બધાં જ તૈયાર થશે, ખરીદી કરશે અને બહુ જ ટ્રાફિક હશે. સમગ્ર માહોલ જ અલગ હોય છે. પરંતુ હવે માહોલ બદલાયો છે અને અમે મા દુર્ગા આવ્યા છે.

# પરિણીત હોવા છતાં ગુપ્ત લગ્ન કર્યા હતા

શું તમે આ પીઢ અભિનેતા વિશે જાણો છો જે પરિણીત હોવા છતાં બોલિવૂડની સૌથી સુંદર દિવાના પ્રેમમાં પડી ગયા હતા? બોલિવૂડ સેલિબ્રિટીઓના અંગત જીવનની રસપ્રદ વાતોથી ભરેલું છે. તેમાંના કેટલાક ઘણા લોકો માટે પ્રેરણા તરીકે સેવા આપે છે કારણ કે તેઓ તે વિશે છે કે કેવી રીતે સેલેબને સૌથી મોટી સફળતા પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરવો પડ્યો. કેટલીક વાર્તાઓ ગપસપ વિભાગમાં સ્થાન લે છે કારણ કે તે બોલિવૂડ સ્ટાર્સના પ્રેમ સંબંધો વિશે જણાવે છે. અને તેમાં કોઈ કમી નથી! વારંવાર, બોલિવૂડ સ્ટાર્સ એવી વાર્તાઓ સાથે હેડલાઈન્સમાં આવ્યા છે કે કોણ કોને ડેટ કરી રહ્યું છે અથવા કોણ કોની સાથે બ્રેકઅપ કરી રહ્યું છે! તો અહીં ૮૦ ના દાયકાની એક વાર્તા છે. ૧૯૮૦ અને ૧૯૯૦ એ સમય હતો જ્યારે બોલિવૂડ કેટલીક મોટી બાબતો અને વિવાદોનું સાક્ષી હતું. એક્સ્ટ્રા મેરીટલ અફેર્સ અને વધુ સામાન્ય બાબત હતી. આ અફેર્સ હેડલાઈન્સમાં પણ બન્યા અને ખૂબ ધ્યાન ખેંચ્યું. પરંતુ



દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે. કેટલીક બાબતો એટલી વિવાદાસ્પદ હતી કે તેની સીધી અસર બોલિવૂડ સ્ટાર્સના જીવન પર પડી. અહીં એક અભિનેતાની વાર્તા છે જેનું એક્સ્ટ્રા મેરિટલ અફેર હતું અને જ્યારે તેની પત્નીને તેની જાણ થઈ ત્યારે તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું કહેવાય છે. મિથુન ચક્રવર્તી ઉર્ફે મિથુન દા વર્ષોથી ઈન્ડસ્ટ્રીનો એક ભાગ છે. બોલિવૂડની ડિસ્કો ડાન્સર ૧૦૦ કરોડની હિટ ફિલ્મ આપનાર પ્રથમ વ્યક્તિ હતી. તેમની ફિલ્મોએ તેમને સમાચારમાં રાખ્યા હતા અને તેમની અંગત જિંદગી પણ. જો અહેવાલોનું માનીએ તો, મિથુન ચક્રવર્તી શ્રીદેવીના પ્રેમમાં ત્યારે પડી ગયો જ્યારે તે હજી યોગિતા બાલી સાથે પરણ્યો હતો.

### બંને જાહેરમાં કોઈ સ્થળે ભાગ્યે જ સાથે જોવા મળે છે

## નીતા અંબાણી અને રેખાએ એક જ સ્કૂલમાં અભ્યાસ કરેલો છે



**નીતા અંબાણીએ પેરટ ગ્રીન સાડી સાથે એબ્રોડરીવાળું ટ્રાન્સપરન્ટ સિલ્વર બ્લાઉઝ અને મેચિંગ ઇઅરિંગ્ઝ પહેરી હતી**

નીતા અંબાણી અને રેખા જાહેરમાં કોઈ સ્થળે ભાગ્યે જ સાથે જોવા મળે છે. તેમને પરસ્પર આદર હોવાનું જગજાહેર છે, પરંતુ તેમની વચ્ચેનું એક કનેક્શન મોટાભાગના લોકોને ખબર નથી. નીતા અંબાણીએ આ અંગે વાત કરતાં કહ્યું હતું કે, તેઓ અને રેખા એક જ સ્કૂલમાં અભ્યાસ કરતા હતા. તેમની આ વાત સાંભળીને રેખાના ચહેરા પર પણ ખુશી આવી ગઈ હતી. બંને સેલિબ્રિટીઝે પોતાનો આનંદ વ્યક્ત કરતાં બાદમાં ઈમોશનલ બોન્ડિંગ સાથેના પોઝ આપ્યા હતા. ડિઝાઈનર મનિષ મલ્હોત્રાએ તાજેતરમાં જ જિઓ વર્લ્ડ ગાર્ડન ખાતે પોતાનો સ્ટોર લોંચ કર્યો છે, જેમાં ફેશન, બિઝનેસ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક સેલેબ્રિટીઝ હાજર રહ્યા હતા. તેમાં મનિષ મલહોત્રાના મનપસંદ ક્લાયન્ટમાંના એક રેખા અને રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણીની એકબીજા સાથેની મુલાકાત સૌ કોઈ માટે ઊડીને આંખે વળગે તેવી હતી. બંને એકબીજાને સામે મળી ગયાં હતાં અને એકબીજાને ખૂબ પ્રેમ અને હુંફ સાથે મળ્યાં હતાં. પ્રેમપૂર્વક એકબીજાનો હાથ પકડીને ઘણી વાર સુધી બંને ખૂબ અંગત રીતે વાતો કરતાં દેખાયાં હતાં. આ પ્રસંગે રેખાએ એક ગોલ્ડન સાડી, મેચિંગ જ્વેલરી સાથે પોટલી રાખી હતી. જ્યારે નીતા અંબાણીએ પેરટ ગ્રીન સાડી સાથે એબ્રોડરીવાળું ટ્રાન્સપરન્ટ સિલ્વર બ્લાઉઝ અને મેચિંગ ઈઅરિંગ્ઝ પહેરી હતી. બંનેએ હેરસ્ટાઈલમાં બન જ કર્યું હતું. તેમને બંનેને આ રીતે મળીને વાતો કરતા જોઈને પાપરાઝીને પણ મજા આવી હતી, ત્યારે નીતા અંબાણીએ તેમને કહ્યું હતું કે તેઓ બંને એક જ સ્કૂલમાં ભણ્યા છે. નીતા અંબાણીના આ ખુલાસાથી ઘણાં લોકોને સરપ્રાઈઝ મળી હતી.

# ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભૂરીપા અલગ અલગ ગામોમાં ૭૪૨.૮૨ લાખ રૂપિયાના રસ્તાઓનુ ખાત મુહૂર્ત કરવામાં આવ્યું

### જનતાને માર્ગ સંબંધિત અગવડતા ભોગવવી ન પડે તે માટે ગુજરાત સરકાર સતત કાર્યશીલ છે : ધારાસભ્ય મહેશ ભૂરીયા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

આજ રોજ ઝાલોદના ધારાસભ્ય મહેશ ભુરીયા દ્વારા ઝાલોદ વિધાનસભામાં સમાવિષ્ટ પાવડી,ચાકલીયા,વગેલા અને ગામડી જિલ્લા પંચાયત સીટમાં કુલ રૂ. ૭૪૨.૮૦ લાખના માતબર ખર્ચે ૨૫.૨૬ કિ.મી લંબાઈના નીચે મુજબના ૧૦ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીપા દ્વારા ટાઢાગોળા ગામે રૂ.૫૭ લાખના ખર્ચે ૧.૯૦ કિ.મી લંબાઈના ટાઢાગોળા બારીયા ફળીયા થી ઘોંઘવા ફળીયા રોડ,રળિયાતી ગુર્જર ગામે રૂ.૪૫.૯૦ લાખના ખર્ચે ૧.૫૩ કિ.મી લંબાઈના રળિયાતી ગુર્જર તળાવ ફળીયા રોડ,ગુલતોરા ગામે રૂ.૧૩૫ લાખના ખર્ચે ૪.૫૦ કિ.મી લંબાઈના ગુલતોરા શારદા રોડ,કચલધરા ગામે રૂ.૨૧ લાખના ખર્ચે ૦.૭૦ કિ.મી લંબાઈના કચલધરા ખાંદા ફળીયા રોડ,ધોળાખાખરા ગામે રૂ.૩૬ લાખના ખર્ચે ૧.૨૦ કિ.મી લંબાઈના ધોળાખાખરા માળ ફળીયા રોડ,કાંકરાકુવા ગામે રૂ.૧૫.૯૦ લાખના ખર્ચે ૦.૫૩ કિ.મી લંબાઈના કાંકરાકુવા માતા ફળીયા રોડ,સાબલી ગામે રૂ.૩૬ લાખના ખર્ચે ૧.૭૦ કિ.મી લંબાઈના સાબલી કાંકરાકુવા મછાર ફળીયા રોડ,વગેલા ગામે રૂ.૯૬ લાખના ખર્ચે ૩.૨૦ કિ.મી લંબાઈના વગેલા ખાખરીયા



ફળીયા રોડ,ફુલપુરા ગામે રૂ.૯૦ લાખના ખર્ચે ૩.૦૦ કિ.મી લંબાઈના ફુલપુરા એપ્રોચ રોડ અને બંબેલા ગામે રૂ.૨૧૦ લાખના ખર્ચે ૭.૦૦ કિ.મી લંબાઈના બંબેલા ધાવડીયા રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

લોકોની સુખાકારીમાં વધારો થાય અને લોકોને તમામ માળખાગત સુવિધાઓ સુલભ બને તેના માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રજાહિતના કાર્યો કરવામાં આવી રહેલ છે તેમ ધારાસભ્ય મહેશ ભૂરીયાએ કહ્યું હતું. આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા સદસ્યો,તાલુકા સદસ્યો,સરપંચો,કાર્યકર્તાઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# ૧૨ ઓક્ટોબર થી અમદાવાદ-એકતાનગર જનશતાબ્દી એક્સપ્રેસમાં એક વિસ્ટાડોમ કોચ ઉમેરવામાં આવશે

। અમદાવાદ, તા.૧૦ ।

પશ્ચિમ રેલવે દ્વારા સમ્માનીય મુસાફરોને વધુ સારો અનુભવ આપવા માટે અમદાવાદ-એકતાનગર જનશતાબ્દી એક્સપ્રેસમાં ૧૨ ઓક્ટોબર ૨૦૨૪ થી એક વિસ્ટાડોમ કોચ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:-

ટ્રેન નંબર ૨૦૯૪૭/૨૦૯૫૦ અમદાવાદ-એકતાનગર-અમદાવાદ જનશતાબ્દી એક્સપ્રેસ ટ્રેનમાં ૧૨ ઓક્ટોબર ૨૦૨૪ થી એક વિસ્ટાડોમ કોચ ઉમેરવામાં આવશે. આ વિસ્ટાડોમ કોચમાં કાચની મોટી બારીઓ, કાચની છત, ફરતી બેઠકો અને ઓબ્ઝર્વેશન લાઉન્જ છે, જે મુસાફરોને બહારના સુંદર દશ્યોનો આનંદ માણી શકે છે. વિસ્ટાડોમ કોચમાં ૪૪ મુસાફરોની બેઠક ક્ષમતા છે.

ટ્રેન નંબર ૨૦૯૪૭/૨૦૯૫૦ ના વિસ્ટાડોમ કોચ નું ટિકિટ બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલ્લું છે.

ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને સ્ટ્રક્ચર વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# દેવગઢ બારીયા તાલુકાના ૨૧ કરોડના ખર્ચે વિવિધ ગામોના રસ્તાનું ખાતમુહૂર્ત પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષ સ્થાને કરાયું



। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૦ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુ-શાસનના ૨૩ વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં ''ભારત વિકાસ સપ્તાહ'' ઉજવણી થઈ રહી છે ત્યારે આજ રોજ રાજ્ય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષ સ્થાને દેવગઢ બારિયા તાલુકા ખાતે ૨૧ કરોડના ખર્ચે વિવિધ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડએ જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ગુજરાતના વિકાસ માટે એક નવી દિશા આપી હતી કે, જે ખાતમૂહુર્ત અમે કરીએ એના લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. આ વિકાસ સંસ્કૃતિ ગુજરાતમાં સતત ચાલુ રહી છે. જેના પરિણામે આજે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે.

વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળની કેન્દ્રર સરકાર અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રરભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર એમ ડબલ એન્જિનની સરકાર.

# વિકાસ સપ્તાહ અંતર્ગત ગણદેવી નગરપાલીકામાં ભિંતચિત્રો અને ભિંતસુત્રો દોરવામાં આવ્યા

। (માહિતી) ગાંધીનગર, તા.૧૦ ।

વિકસિત ભારતના નિર્માણ માટે સમર્પિત સરકારશ્રીની વિવિધ યોજનાઓ, કાર્યક્રમોની સફળતાની ગાથાઓ, સિધ્ધિઓની ઝાંખી કરાવતા ભિંતચિત્રો, અને ભિંતસુત્રો દોરવામાં આવ્યા - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજ્યની વણથંભી વિકાસયાત્રા શરુ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ઓકટોબર-૨૦૨૪ની તા.૦૭ થી તા.૧૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે નવસારી જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા અવનવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

# ઝાલોદ પ્રાંત કચેરી અને મામલતદાર કચેરી ખાતે વિકાશ સપ્તાહ અંતર્ગત શપથ લેવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

વર્ષ ૨૦૦૧માં સાતમી ઑક્ટોબરે વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી અત્યાર સુધી ૨૩ વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા લોકોમાં ઉજાગર કરવા હવે દર વર્ષે વિકાસ સપ્તાહ ઉજવ આજે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

આ અંગે માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, 'આ સપ્તાહ દરમિયાન ભારત વિકાસ પ્રતિજ્ઞા, યુવા વર્ગની સહભાગિતા અંગે શાળા-કૉલેજમાં નિબંધ સ્પર્ધા સહિતના વિશેષ કાર્યક્રમ યોજાશે. દરમિયાન ૩ હજાર ૫૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરાશે. 'રાજ્યના ૨૩ જેટલા પ્રતિકાત્મક સ્થળ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ યોગદાનથી લોકોને પરિચિત કરાશે. તેમજ 'વિકાસ સપ્તાહ' હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો નરેન્દ્ર મોદીની



સુશાસનની પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે. આ અંગે ઝાલોદ પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી અજય ભાટીયા અને મામલતદાર પરમાર તેમજ ઓફિસના સ્ટાફ દ્વારા વિકાશ સપ્તાહ અંતર્ગત સપથ લેવામાં આવ્યા હતા. આ શપથમા દેશને સમર્પિત થઈ, દેશ વિશે પ્રથમ તેના હિતમા વિચારી તેના વિકાસ માટે પ્રયત્નો કરવા તેમજ દેશનો અમૂલ્ય વારસો જાળવવા, બંધારણના મૂલ્યો જાળવવા, કોઈ પણ જાત પાતનો ભેદ રાખ્યા વગર એક ભારત શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાકાર કરવું તેમજ દેશના દરેક વિકાસ કાર્યોમાં સદા મદદરૂપ થવા માટે શપથ લેવામાં આવ્યા હતા.

# થરા તથા આજુ બાજુના ૬૦થી વધુ ગામડાંની પ્રજાને સાદી એસ ટી બસ લાભ ક્યારે મળશે ?

। (પ્રતિનિધી) થરા, તા.૧૦ ।

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા તથા આજુબાજુના ૬૦થી વધુ ગામડાંની પ્રજા મેટ્રો બૂલેટ ટ્રેન વોલ્વો બસની વાતો વચ્ચે સાદી એસ ટી બસ સેવાથી મૌન નબળી નેતાગીરીના કારણે વંચિત રહી છે.આ પ્રજાને પાટનગર ગાંધીનગર, સૌરાષ્ટ્રની સીધી એસ ટી બસ સેવાનો લાભ વિક્રમ સવંત -૨૦૮૦ અને અંગ્રેજી- ૨૦૨૪નું વર્ષ પૂરું થવા આવ્યું છતાં મળ્યો નથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.નેતાઓ અધિકારીઓ આ માટે દોષનો ટોપલો એકબીજા પર ઢોળી લોકોને મૂરખ બનાવી રહયા છે ત્યારે પ્રજા કહે છે કે એક બસ દિયોદર ગાંધીનગર વાયા થરા, હારીજ, ગાંધીનગર.

ડીસા-દ્વારકા વાયા ભીલડી શિહોરી થરા, રાધનપુર, ચોટીલા, રાજકોટ અને બીજી બસ જે સવારે ૮.૩૦ વાગે થરા આવે એવી ડીસા-સોમનાથ વાયા ભીલડી શિહોરી, થરા, રાધનપુર સામખયારી, મોરબી આ રીતે ચાલુ કરવામાં આવે તો ડીસાથી રાધનપુર સુધીના જે વચ્ચેના ગામો છે એ બધાને જ સૌરાષ્ટ્રની સીધી બસ સેવાનો લાભ મળે. ચોટીલા બાજુ જવું હોય તો પણ અને મોરબી બાજુ જવું હોય તો પણ સીધી બસ સેવાનો લાભમળે

ભાભર, દિયોદર અને કાંકરેજ આ ત્રણ તાલુકામાં ઘણા જૈન પરિવાર રહે છે તેમને પાલીતાણા જવા માટે એક પણ સીધી બસ સેવા નથી. આથી જો ભાભર -પાલીતાણા વાયા દિયોદર




થરા, શિહોરી, પાટણ અમદાવાદ આ રીતે ચાલુ કરવામાં આવે તો આ ત્રણે તાલુકાના જૈન પરિવારને પાલીતાણા જવા માટે સિધી બસ સેવાનો લાભ મળે. કાંકરેજ તાલુકાના ઘણા પરિવારો અમદાવાદમાં, ગોતા, સાયન્સ સિટી, થલતેજ, બોપલ આ બધા વિસ્તારમાં રહે છે અને થરા થી આ બાજુ જવા માટે એક પણ સીધી બસ નથી.તો એક બસ દિયોદર-સરખેજ અથવા દિયોદર- બોપલ વાયા થરા એ રીતે ચાલુ કરવામાં આવે તો એ બાજુ જવા વાળા મુસાફરોને સીધી બસ સેવાનો લાભ મળે.

કાંકરેજ ધારાસભ્ય અમરતજી ઠાકોર, જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તિસિંહ વાઘેલા, પાલનપુર વિભાગીય એસ ટી અધિકારી કે.ચૌધરી, તેમના સહયોગી દવે,ડામોર પ્રજા અને એસ ટી નિગમના હિતમાં અભ્યાસ કરી આ રૂટની બસ સેવા શરૂ કરાવી પ્રજાને સગવડ આપશે કે પછી વિકાસની વાતો અને પ્રજા મુશ્કેલીમાં અને નિગમ ખોટમાં જ.

# નવસારી જિલ્લો નવસારી જિલ્લાની શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ 'ભારત વિકાસની પ્રતિજ્ઞા' લીધી





। (માહિતી) ગાંધીનગર, તા.૧૦ ।

મારા સપનાનું ગુજરાત, વિકસિત ભારત સંકલ્પ યાત્રા, જય જય ગરવી ગુજરાત જેવા વિષયો પર વકૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુ-શાસનના ૨૩ વર્ષની ઉજવણીના ભાગરૂપે ''ભારત વિકાસ સપ્તાહ'' ઉજવાણીના સુચારૂ આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત નવસારી જિલ્લાની વિવિધ શાળાઓમાં ''વિકાસ સપ્તાહ'' ની ઉજવણી થઈ રહી છે. નવસારી જિલ્લાની વિવિધ શાળાઓમાં ''વિકાસ સપ્તાહ''ના ભાગરૂપે નવસારીની ૨૧૦ શાળાઓમાં સામુહિક પ્રતિજ્ઞા, ૯૬ વકૃત્વ સ્પર્ધા, ૧૧૮ નિબંધ સ્પર્ધા, ૭૮ ક્વીઝ સ્પર્ધા તથા ૫૮ શાળાઓમાં લખપતિ દીદી કાર્યક્રમ કરવામાં આવ્યા છે . જેમાં મુખ્યત્વે મારા સપનાનું ગુજરાત, વિકસિત ભારત સંકલ્પ યાત્રા, જય જય ગરવી ગુજરાત જેવા વિષયો પર વકૃત્વ અને નિબંધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ ઉપરાંત લખપતિ દીદી કાર્યક્રમ અંતર્ગત સખી મંડળની બહેનો દ્વારા સરકારશ્રીની સહાયથી જીવનમાં આવેલ પરિવર્તન સાફલ્યગાથા રૂપે રજુ કરી હતી જે વિધાર્થીઓ માટે પ્રેરણાસ્રોત સમાન બની રહી હતી. ''વિકાસ સપ્તાહ'' અંતર્ગત વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.


# નર્મદા જિલ્લાની વિવિધ શાળાઓમાં ''વિકાસ સપ્તાહ'' અંતર્ગત વિવિધ સ્પર્ધા યોજાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૦ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુ-શાસનના ૨૩ વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં ''ભારત વિકાસ સપ્તાહ'' ઉજવાણીના સુચારૂ આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત નર્મદા જિલ્લાની વિવિધ સરકારી શાળાઓમાં ''વિકાસ સપ્તાહ'' ની ઉજવણી કરાઈ હતી. નર્મદા જિલ્લાની વિવિધ શાળાઓમાં ''વિકાસ સપ્તાહ'' ના ભાગરૂપે વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે મારા સપનાનું ગુજરાત, વિકસિત ભારત સંકલ્પ યાત્રા, જય જય ગરવી ગુજરત જેવા વિષયો પર વકૃત્વ અને ચિત્ર સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધામાં સરકારશ્રી દ્વારા થયેલા વિકાસના કામોને ધ્યાને લઈને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તદપરાંત શાળાના શિક્ષકગણે ઉપસ્થિત વિદ્યાર્થીઓને વિકસિત ભારત અંગેની શપથ લેવડાવી હતી.



# આજનું રાશિ ભવિષ્ય.....


**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે.


**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે.


**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. આજે પાર્ટીમાં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો.


**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.તમારે તમારી જાત પર કાબૂ રાખવાની તથા યાદ રાખવાની જરૂર છે કે આ બાબત તમારી વચ્ચે અંતરાયો જ ઊભા કરશે. રૉમેન્ટિક ગૂંચવણ તમારી ખુશીમાં મસાલો ઉમેરશે.


**સિંહ (મ,ટ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે.


**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા-કેમ કે એનાથી તમને પછીથી પસ્તાવો થશે.


**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો- આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું.


**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.


**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય.


**મકર (ખ,જ) :**

આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.


**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે.


**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે.

# પંચતત્વમાં વિલિન થયાં રતન ટાટા, અંતિમ સંસ્કારમાં માનવ મહેરામણ ઉમટ્યું

**ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું, તે સાદગી અને વિનમ્રતાના પ્રતિક હતા. જ્યારે પણ હું રાષ્ટ્રપતિ ભવનમાં ભોજન સમારંભ દરમિયાન તેમને આમંત્રણ આપતો હતો, મેં તેમનામાં એવી નમ્રતા જોઈ હતી કે તેઓ ક્યારેય મોટા ઉદ્યોગપતિ લાગતા નહોતા. તેઓ એક દેશભક્ત, સામાન્ય વ્યક્તિ હતા અને હંમેશા પ્રોટોકોલનું પાલન કરતા હતા જ્યારે આપણે ટાટા જૂથના કોઈપણ ઉદ્યોગને જોઈએ છીએ.**



ટાટા સન્સના માનદ ચેરમેન રતન ટાટાનું ૮૬ વર્ષની ઉંમરમાં બુધવાર રાતે નિધન થઈ ગયું. તેમણે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેમનો પાર્થિવ દેહ મુંબઈના NCPA ગ્રાઉન્ડમાં અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. જ્યાં મોટી સંખ્યામાં લોકો તેમને શ્રદ્ધાંજલિ આપવા આવ્યા હતા. નેતાઓથી લઈને અભિનેતા, ખેલાડીઓ અને સામાન્ય લોકો તેમના અંતિમ દર્શને પહોંચ્યા હતા. ખ્યાતનામ ઉદ્યોગપતિ રતન ટાટાના અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે મુંબઈના વર્લી શ્મશાનમાં કરવામાં આવ્યા છે. રતન ટાટાનો પાર્થિવ દેહ પંચતત્વમાં વિલિન થઈ ગયો છે. તેમની અંતિમ યાત્રામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. નેતાઓ, અભિનેતા સહિતના અન્ય કેટલાય ક્ષેત્રના દિગ્ગજ લોકો તેમની અંતિમ યાત્રામાં જોડાયા હતા.


## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પદ્મવિભૂષણ અને ટાટા ગ્રૂપના મોભી રતન ટાટાને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પદ્મવિભૂષણથી સન્માનિત અને ટાટા ગ્રૂપના મોભી શ્રી રતન ટાટાના નિધન અંગે શોક વ્યક્ત કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શ્રી રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવતા કહ્યું કે, ભારતે સાચા અર્થમાં રતન ગુમાવ્યું છે. તેમના અવસાનથી દેશને ક્યારેય પૂરી ન શકાય તેવી ખોટ પડી છે, તેવું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી રતન ટાટાએ સમગ્ર વિશ્વમાં ઔધોગિક ક્ષેત્રે દેશને ગૌરવ અપાવ્યું છે. આજે તેઓ જ્યારે આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે દુ:ખની લાગણી અનુભવી તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું.

### કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલવામાં આવશે

## ઉદ્યોગપતિ રતન ટાટાને ભારતરત્ન આપવા મહારાષ્ટ્ર સરકારની માંગણી

પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ટાટા ગ્રુપના માનદ અધ્યક્ષ રતન ટાટાને 'ભારત રત્ન' આપવાની માંગ કરવામાં આવી છે. મહારાષ્ટ્ર કેબિનેટમાં આ અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર કેબિનેટની બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે ઉદ્યોગપતિ રતન ટાટાના નામનો ભારત રત્ન એવોર્ડ માટે પ્રસ્તાવિત કરીને કેન્દ્ર સરકારને મોકલવામાં આવે. મહારાષ્ટ્ર કેબિનેટના આ પ્રસ્તાવ પર હવે અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર લેશે. મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્ર કેબિનેટની બેઠકમાં રતન ટાટાના નિધન પર શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ પછી ભારત રત્ન એવોર્ડ માટે તેમનું નામ પ્રસ્તાવિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર સરકાર હવે આ પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલશે. ઉલ્લેખનીય છે કે રતન ટાટાનું બુધવારે મોડી રાત્રે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં ૮૬ વર્ષની વયે અવસાન થયું હતું. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા. તેમની તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના અંતિમ સંસ્કાર આજે વરલીના સ્મશાનભૂમિ ખાતે કરવામાં આવશે.



### નિધન બાદ લખ્યું- મને એકલો મૂકીને જતાં રહ્યા

## રતન ટાટાના યુવા મિત્ર અને જનરલ મેનેજર શાંતનુ નાયડુ પણ ગમગીન

દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ રતન ટાટાએ બુધવાર રાત્રે દુનિયાને અલવિદા કહી છે. તેમના મૃત્યુના સમાચાર મળતા જ આખો દેશ શોકમાં ગરકાવ થયો છે. રતન ટાટાના સૌથી વધુ વિશ્વસનીય યુવા મિત્ર અને જનરલ મેનેજર શાંતનુ નાયડુ પણ ગમગીન જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પોસ્ટ મારફત તેણે પોતાનું દુ:ખ વ્યક્ત કરતાં લોકોને ભાવુક કર્યા હતા. રતન ટાટાની અંતિમવિધિમાં નાયડુની આંખો ભીની થઈ હતી. ભીની આંખો સાથે શાંતનુ નાયડુ બાઈક પર રતન ટાટાની અંતિમ યાત્રામાં બાઈક પર અગ્રેસર જોવા મળ્યો હતો. શાંતનુ નાયડુએ તેની લિંક્ડઈન પોસ્ટમાં ટાટા સાથેની મિત્રતા વિશે લખતાં કહ્યું, "આ ઘટનાથી મારી અંદર ખાલીપો વર્તાઈ રહ્યો છે, મિત્ર મને એકલા મૂકીને જતા રહ્યાં, આ ખોટ જીવનભર પૂરી કરવા પ્રયાસ કરીશ. પ્રેમ માટે દુ:ખની કિંમત ચૂકવવી પડે છે. ગુડબાય માર ડિઅર લાઈટહાઉસ." તેણે એક જૂની તસવીર પણ શેર કરી છે જેમાં બંને સાથે જોવા મળે છે. શાંતનુએ ગુડફેલો સ્ટાર્ટઅપ સપ્ટેમ્બર, ૨૦૨૨માં લોન્ચ કરવામાં આવ્યો હતો. કોર્નેલ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. તેઓ ટાટા ઓફિસમાં જનરલ મેનેજર તરીકે કામ કરતો હતો. શાંતનુ ૨૦૧૪થી રતન ટાટા સાથે જોડાયેલો હતો. ૩૧ વર્ષીય શાંતનુ નાયડુ મુંબઈનો રહેવાસી છે. શાંતનુ નાયડુએ રતન ટાટાને ખૂબ પ્રભાવિત કર્યા હતા. શાંતનુ ટાટા ટ્રસ્ટના સૌથી નાનો મદદનીશ અને સૌથી વિશ્વાસપાત્ર વ્યક્તિ હતો. તે ૨૦૧૪માં રતન ટાટાને પહેલી વાર મળ્યો, ત્યારે નાયડુએ રખડતા કૂતરાઓને રાત્રિના સમયે થતાં ટ્રાફિક અકસ્માતોથી બચાવવા માટે પ્રતિબિંબિત કોલર વિકસાવ્યા હતા. ત્યારબાદ રતન ટાટાએ નાયડુને પોતાની ટીમમાં સામેલ કર્યો. છેલ્લા ૧૦ વર્ષમાં શાંતનુ નાયડુ રતન ટાટાના નજીકના અને વિશ્વાસુ મિત્ર બન્યો હતો. ગુડફેલો સપ્ટેમ્બર ૨૦૨૨માં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ સ્ટાર્ટઅપ શરૂ કરનાર શાંતનુ નાયડુ ૩૧ વર્ષનો છે અને તેણે કોર્નેલ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. તેઓ ટાટા ઓફિસમાં જનરલ મેનેજર તરીકે કામ કરતો હતો. શાંતનુ ૨૦૧૪થી રતન ટાટા સાથે જોડાયેલો હતો. ૩૧ વર્ષની ઉંમરે, શાંતનુ નાયડુએ વેપાર ઉદ્યોગમાં મહત્ત્વનું સ્થાન હાંસલ કર્યું છે, જે ઘણા લોકો માટે એક સ્વપ્ન છે.

# દેશના દીર્ઘ દૃષ્ટા સખાવતી પદ્મભૂષણ તથા પદ્મવિભૂષણ મોંઘેરું રતન ઉદ્યોગપતિ રતન ટાટાની ચિર વિદાયથી ઉદ્યોગ જગતમાં જ નહીં રાષ્ટ્રને મોટી ખોટ પડી છે

| યશપાલસિંહ ટી વાઘેલા | દરબાર ગઢ, થરા |

મારી તબિયત વિશે અફવાઓ માનશો નહીં, મારી ચિંતા કરવા બદલ આભાર,હું રૂટીન ચેકપક માટે હોસ્પિટલ ગયો છું.એવી પોસ્ટ જ જેમની છેલ્લી સોશીયલ મીડિયા પોસ્ટ બની તેવા સખાવતી પદ્મભૂષણ તથા પદ્મ વિભૂષણ દીર્ઘ દૃષ્ટા દેશના ઉદ્યોગપતિ રતન ટાટા નવલ ટાટાનું ૮૬ વર્ષની વયે બીચ કેન્ડી હોસ્પીટલ ખાતે તા.૦૯/૧૦/૨૪ને બુધવારે મોડી રાત્રે દુ:ખદ અવસાન થયાના સમાચારથી દેશવાસીઓએ એક ટોચના ઉદ્યોગપતિ જ નહીં પણ પ્રખર સખાવતી શ્રેષ્ઠી અણમોલ રતન ગુમાવ્યાનો રંજ રહેશે.આજે તેમને શ્રદ્ધા સુમન અર્પણ કરતાં તેમના વિશે થોડું જાણીએ.

રતન ટાટા નવલ ટાટાના પુત્ર હતા, જેમને જમશેદજી ટાટાના પુત્ર રતનજી ટાટા દ્વારા દત્તક લેવામાં આવ્યા હતા,જે ટાટા જૂથના સ્થાપક હતા. તેમણે આર્કિટેક્ચર માં સ્નાતકની ડિગ્રી સાથે કોર્નેલ યુનિવર્સિટી કોલેજ ઓફ આર્કિટેક્ચરમાંથી સ્નાતક થયા. તેઓ ૧૯૬૧માં ટાટામાં જોડાયા હતા, જ્યાં તેમણે ટાટા સ્ટીલના શોપ ફ્લોર પર કામ કર્યું હતું. બાદમાં ૧૯૯૧માં તેમની નિવૃત્તિ પર તેઓ જે.આર. ડી. ટાટાના ટાટા સન્સના ચેરમેન બન્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન ટાટા જૂથે ટેટલી, જગુ આર લેન્ડ રોવર, હસ્તગત કરી હતી.અને કોરસ, ટાટાને મોટા ભાગે ભારત-કેન્દ્રિત જૂથમાં થી વૈશ્વિક બિઝનેસમાં ફેરવવાના પ્રયાસમાં.ટાટા પણ પરોપકારી હતા .

ટાટા એક સફળ રોકાણકાર હતા અને તેમણે ૩૦થી વધુ સ્ટાર્ટ- અપ્સમાં રોકાણ કર્યું હતું, જેમાં મોટા ભાગની વ્યક્તિગત ક્ષમતા માં અને કેટલાક તેમની રોકાણ કંપની દ્વારા. રતન ટાટાનો જન્મ બોમ્બે, હાલના મુંબઈમાં, બ્રિટિશ રાજ દરમિયાન,પારસી ઝોરોસ્ટ્રિયન પરિવારમાં,૨૮ ડિસેમ્બર ૧૯૩૭ના રોજ થયો હતો. તેઓ નવલ ટાટાના પુત્ર હતા,જેનો જન્મ સુરતમાં થયો હતો અને બાદમાં ટાટા પરિવારમાં દત્તક લેવાયા હતા અને સૂની ટાટા. , ટાટાગ્રુપના સ્થાપક જમશેદજી ટાટાની ભત્રીજી. ટાટાના જૈવિક દાદા હોર્મુસજી ટાટા લોહીથી ટાટા પરિવારના સભ્ય હતા. ૧૯૪૮માં, જ્યારે ટાટા દશ વર્ષના હતા,ત્યારે તેમના માતા-પિતા અલગ થઈ ગયા હતા, અને ત્યારબાદ તેમને તેમના દાદી અને રતનજી ટાટાની વિધવા નવજબાઈ ટાટા દ્વારા ઉછેરવામાં આવ્યા હતા અને દત્તક લેવામાં આવ્યા હતા.નેવલ ટાટાના સિમોન ટાટા સાથેના બીજા લગ્નથી તેમનો એક નાનો ભાઈ જીમી ટાટા અને સાવકા ભાઈ નોએલ ટાટા હતા, જેમની સાથે તેમનો ઉછેર થયો હતો.

ટાટાએ આઠમા ધોરણ સુધી મુંબઈની કેમ્પિયન સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. જે પછી, તેમણે મુંબઈની કેથેડ્રલ અને જ્હોન કોનન સ્કૂલ, શિમલાની બિશપ કોટન સ્કૂલ અને ન્યૂયોર્ક સિટીની રિવરડેલ કન્ટ્રી સ્કૂલમાં અભ્યાસ કર્યો, જેમાંથી તેમણે ૧૯૫૫માં સ્નાતક થયા. હાઈ સ્કૂલમાંથી સ્નાતક થયા પછી, ટાટાએ કોર્નેલ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. જેમાંથી તેમણે ૧૯૫૯માં આર્કિટેક્ચરમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. જ્યારે કોર્નેલ, ટાટા આલ્ફા સિગ્મા ફી ફ્રેટરનિટીના સભ્ય બન્યા. ૨૦૦૮માં, ટાટાએ કોર્નેલને ઈ૫૦ મિલિયનની ભેટ આપી,જે યુનિવર્સિટીના ઈતિહાસ માં સૌથી મોટા આંતર રાષ્ટ્રીય દાતા બન્યા.

૧૯૭૦ના દાયકામાં રતન ટાટાને એ ટાટા જૂથમાં સંચાલકીય પદ. તેમણે ચાલુ કરીને પ્રારંભિક સફળતા હાંસલ કરીપેટા કંપની નેશનલ રેડિયો અને ઈલેક્ટ્રોનિક્સ (નેલ્કો) આસપાસ, માત્ર તેને પતન જોવા માટેઆર્થિક મંદી દરમિયાન.૧૯૯૧ માં,જે. આર.ડી. ટાટાએ ચેરમેન પદેથી રાજીનામું આપ્યું ટાટાસન્સ તેમને તેમના અનુગામી તરીકે નામ આપે છે. શરૂઆતમાં, ટાટાને વિવિધ પેટા કંપનીઓના વડાઓ તરફથી સખત પ્રતિકારનો સામનો કરવો પડ્યો, જેમની પાસે વરિષ્ઠ ટાટાના નેતૃત્વ હેઠળ મોટા પ્રમાણમાં ઓપરેશનલ સ્વતંત્રતા હતી.

કાર્યકાળ તેના જવાબમાં ટાટાએ અમલમાં મૂક્યોએ એકીકૃત કરવા માટે રચાયેલ નીતિઓની સંખ્યા સત્તા,અમલીકરણ સહિત નિવૃત્તિ વય, પેટા કંપનીઓનો અહેવાલ ધરાવે છે.સીધા જ ગ્રુપ ઑફિસમાં, અને જરૂરી છે.પેટા કંપનીઓ ટાટા જૂથની બ્રાન્ડ બનાવવા માટે તેમના નફામાંફાળો આપે છે.ટાટાએ ઈનોવેશનને પ્રાધાન્ય આપ્યું અને ઘણાને સોંપ્યા યુવા પ્રતિભા માટે જવાબ દારીઓ. તેમના નેતૃત્વ હેઠળ, પેટાકંપનીઓ વચ્ચે ઓવર લેપિંગ કામગીરીને કંપની-વ્યાપી કામગીરીમાં સુવ્યવસ્થિત કરવા માં આવી હતી, જેમાં જૂથ વૈશ્વિ કરણને આગળ ધપાવવા માટે અસંબંધિત વ્યવસાયોમાંથી બહાર નીકળી ગયું હતું.

૨૧ વર્ષ દરમિયાન ટાટાએ ટાટા જૂથનું નેતૃત્વ કર્યું, આવકમાં ૪૦ ગણો વધારો થયો અને નફો ૫૦ ગણો થયો. જ્યારે તેમણે કંપની નો કબજો સંભાળ્યો, ત્યારે વેચાણમાં જબરદસ્ત રીતે કોમોડિટી વેચાણનો સમાવેશ થતો હતો,પરંતુ તેમના કાર્યકાળ ના અંતે, મોટાભાગના વેચાણ બ્રાન્ડ્સમાંથી આવ્યા હતા. તેમણે ટાટા ટીએ ટેટલીને હસ્તગત કરી હતી, ટાટા મોટર્સે જગુઆર લેન્ડ રોવરને હસ્તગત કરી હતી, અને ટાટા સ્ટીલે કોરસ હસ્તગત કરી હતી. આ એક્વિઝિશનોએ ટાટાને મોટાભાગે ભારત-કેન્દ્રિત જૂથમાં થી વૈશ્વિક બિઝનેસમાં સ્થાન આપ્યું, જેમાં ૬૫% થી વધુ આવક આંતરરાષ્ટ્રીય સ્તરે કામગીરી અને વેચાણમાંથી આવતી હતી. તેમણે ટાટા નેનો કારના વિકાસની કલ્પના અને આગેવાની પણ કરી, જેણે કારને કિંમતમાં રાખવામાં મદદ કરી. સરેરાશ ભારતીય ઉપભોક્તાની પહોંચની અંદર. ટાટા મોટર્સે ત્યારથી ગુજરાતમાં તેના સાણંદ પ્લાન્ટમાંથી ટિગોર ઈલેક્ટ્રિક વાહનોની પ્રથમ બેચ રજૂ કરી છે, જેને ટાટાએ "ભારતનું ઈલેક્ટ્રિક ડ્રીમ ફાસ્ટ ફોરવર્ડ" તરીકે વર્ણવ્યું છે.

૭૫ વર્ષના થવા પર, રતન ટાટાએ ૨૮ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ ટાટા જૂથમાં તેમની કારોબારી સત્તાઓ માંથી રાજીનામુ આપ્યું. તેમના ઉત્તરાધિકારને લઈને આગામી નેતૃત્વની કટોકટીએ મીડિયાની તીવ્ર તપાસ કરી. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને કાનૂની વિભાગે નિમણૂક કરવાનો ઈનકાર કર્યો હતો.તેમના અનુગામી, સાયરસ મિસ્ત્રી, ટાટાના સંબંધી અને શાપૂરજી પલોનજી ગ્રુપના પલોનજી મિસ્ત્રીના પુત્ર, જે ટાટા જૂથના સૌથી મોટા વ્યક્તિગત શેરહોલ્ડર હતા. ૨૪ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ, સાયરસ મિસ્ત્રીને ટાટા સન્સના ચેરમેન પદેથી દૂર કરવામાં આવ્યા હતા અને રતન ટાટાને વચગાળાના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. અનુગામી શોધવા માટે એક પસંદગી સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં ટાટાનો સભ્ય તરીકે સમાવેશ થતો હતો.૧૨ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ, નટરાજન ચંદ્રશેખરનનું ટાટા સન્સના ચેરમેન તરીકે નામ આપવામાં આવ્યું હતું, જે ભૂમિકા તેમણે ફેબ્રુઆરી ૨૦૧૭માં સંભાળી હતી. ફેબ્રુઆરી ૨૦૧૭માં, મિસ્ત્રીને ટાટા સન્સના ડિરેક્ટર તરીકે દૂર કરવામાં આવ્યા હતા. નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલે પાછળથી ડિસેમ્બર ૨૦૧૯માં શોધી કાઢ્યું હતું કે ટાટા સન્સના ચેરમેન તરીકે સાયરસ મિસ્ત્રીને હટાવવાનું ગેરકાયદેસર હતું, અને તેમને પુન:સ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો. અપીલ પર, ભારતની સુપ્રીમ કોર્ટે સાયરસ મિસ્ત્રીની બરતરફીને સમર્થન આપ્યું હતું.

ટાટાએ પોતાની સંપત્તિથી અનેક કંપનીઓમાં રોકાણ પણ કર્યું હતું. તેણે ભારતની અગ્રણી ઈ-કોમર્સ વેબસાઈટમાંથી એક સ્નેપડીલમાં રોકાણ કર્યું હતું. જાન્યુઆરી ૨૦૧૬ માં, તેણે ટીબોક્સમાં રોકાણ કર્યું, એક ઓનલાઈન પ્રીમિયમ ભારતીય ચા વિક્રેતા, અને ડિસ્કાઉન્ટ કેશ કરો.કૂપન્સ અને કેશ-બેક વેબસાઈટ. તેણે ભારતમાં પ્રારંભિક અને અંતિમ તબક્કાની બંને કંપનીઓમાં નાનું રોકાણ કર્યું હતું, જેમ કે ઓલા કેબ્સમાં આઈએનઆર ૦.૯૫ કરોડ. એપ્રિલ ૨૦૧૫માં, એવું નોંધવામાં આવ્યું હતું કે ટાટાએ ચાઈનીઝ સ્માર્ટફોન સ્ટાર્ટઅપ ઝીઓમી માં હિસ્સો ખરીદ્યો હતો. ૨૦૧૬ માં, તેણે નેસ્ટાવેમાં એક ઓનલાઈન રિયલ-એસ્ટેટ પોર્ટલ રોકાણ કર્યું જેણે પાછળ થી ઓનલાઈન રિયલ-એસ્ટેટ અને પેટ-કેર પોર્ટલ, ડોગસ્પોટ શરૂ કરવા માટે ઝેનીફી હસ્તગત કર્યું. ટાટાએ આંતર-પેઢીને પ્રોત્સાહિત કરવા માટે વરિષ્ઠ નાગરિકો, ગુડફેલો માટે ભારતનું સાથીદાર સ્ટાર્ટઅપ પણ શરૂ કર્યું. મિત્રતા."

ટાટા શિક્ષણ, દવા અને ગ્રામીણ વિકાસના સમર્થક હતા, અને ભારતમાં અગ્રણી પરોપકારી ગણાતા હતા. ટાટાએ પડકારગ્રસ્ત વિસ્તારો માટે સુધારેલ પાણી પૂરું પાડવા માટે કેપેસિટીવ ડીયોનાઈ ઝેશન વિકસાવવા માટે યુનિવ. ઓફ ન્યુ સાઉથ વેલ્સ ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગને ટેકો આપ્યો હતો.

કેલિફોર્નિયા યુનિવર્સિટી, સાન ડિએગો (યુસી સાન ડિએગો) ખાતે ટાટા હોલ એ એક અત્યાધુનિક સંશોધન સુવિધા છે જે નવેમ્બર ૨૦૧૮માં ખોલવામાં આવી હતી. આ ઈમારતનું નામ ટાટા ટ્રસ્ટ્સના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે યુસી સાન ડિએગોને $70 મિલિયનનું દાન આપ્યું હતું. ૨૦૧૬માં ટાટા ઈન્સ્ટિટ્યૂટ ફોર જીનેટિક્સ એન્ડ સોસાયટી (ટિગ્સ)ની સ્થાપના કરવા માટે, જે બિલ્ડિંગની અંદર સ્થિત છે.ટાટા હોલ એ ચારમાળ ની ઈમારત છેજે ૧૨૮૦૦૦ચોરસ ફૂટમાં ફેલાયેલી છે અને જૈવિક અને ભૌતિકવિજ્ઞાન માટે સંશોધન સુવિધાઓ ધરાવે છે. બિલ્ડિંગમાં પ્રયોગશાળાઓ, ઑફિસો અને મીટિંગ જગ્યાઓ છે જે સંશોધકો વચ્ચે સહયોગ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તે લીડ- પ્રમાણિત ઈમારત છે; પર્યાવરણીય રીતે ટકાઉ અને ઉર્જા-કાર્યક્ષમ બનાવવા માટે રચાયેલ છે.

યુસી સાન ડિએગો ખાતે ટાટા હોલ એક સંશોધન સુવિધા છે.બાયોટેક નોલૉજી પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને ટાટા ઈન્સ્ટિટ્યૂટ ફોર જિનેટિક્સ એન્ડ સોસાયટી ધરાવે છે, જે આનુવંશિક અને રોગ નિયંત્રણ પર સંશોધન કરે છે. તેનું નામ ટાટા ટ્રસ્ટ્સના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે ૨૦૧૬માં ટાટા ઈન્સ્ટિટ્યૂટ ફોર જિનેટિક્સની સ્થાપના માટે UC સાન ડિએગોને $70 મિલિયનની ભેટ આપી હતી. અને સમાજ. યુસી સાન ડિએગો ખાતે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ફોર જેનેટિક્સ એન્ડ સોસાયટી એ ટાટા ટ્રસ્ટ અને યુસી સાન ડિએગો વચ્ચેની સંયુક્ત પહેલ છે. તેનો ઉદ્દેશ્ય વિશ્વની કેટલીક સૌથી અઘરી સમસ્યાઓ ને સંબોધવાનો છે,જેમ કે ચેપી રોગોનો ફેલાવો અને ટકાઉ ખાદ્ય સ્ત્રોતોની જરૂરિયાત. સંસ્થામાં હાથ ધરવામાં આવેલ સંશોધન જીન એડિટિંગ, સ્ટેમ સેલ થેરાપી અને રોગ નિયંત્રણ સહિતના વિષયોની શ્રેણી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ટાટા એજ્યુકેશન એન્ડ ડેવલપ મેન્ટ ટ્રસ્ટ, ટાટા ગ્રૂપના પરોપકારી સંલગ્ન, $28 મિલિયનનું ટાટા શિષ્યવૃત્તિ ફંડ આપે છે જે કોર્નેલ યુનિવર્સિટીને ભારતના અંડર ગ્રેજ્યુ.વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવાની મંજૂરી આપશે. શિષ્યવૃત્તિ ફંડ કોઈપણ સમયે આશરે ૨૦ વિદ્વાનોને સમર્થન આપશે અને તે સુનિશ્ચિત કરશે કે ખૂબ જ શ્રેષ્ઠ ભારતીય વિદ્યાર્થી ઓ તેમની નાણાકીય પરિસ્થિતિ ને ધ્યાનમાં લીધા વિના કોર્નેલ સુધી પહોંચે છે. શિષ્યવૃત્તિ હશે.વાર્ષિક પુરસ્કાર; પ્રાપ્તકર્તા ઓને તે કોર્નેલ ખાતેના તેમના અંડરગ્રેજ્યુએટ અભ્યાસના સમયગાળા માટે પ્રાપ્ત થશે. ૨૦૧૦માં ટાટા ગ્રૂપની કંપનીઓ અને ટાટા સખાવતી સંસ્થાઓએ હાર્વર્ડ બિઝનેસ સ્કૂલખાતે એક્ઝિક્યુટિવ સેન્ટરના નિર્માણ માટે ઈ૫૦ મિલિયનનું દાન આપ્યું હતું. એક્ઝિક્યુટિવ સેન્ટરનું નામ ટાટા સન્સના અધ્યક્ષ રતન ટાટા (એએમપી'૭૫)ના નામ પરથી રાખવામાં આવ્યું છે. કુલ બાંધકામ ખર્ચ $100 મિલિયનનો અંદાજવામાં આવ્યો છે. ટાટા હોલ હબસ કેમ્પસના ઉત્તરપૂર્વ ખૂણામાં સ્થિત છે અને હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના મિડ-કરિયર એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામને સમર્પિત છે. તે સાત માળની ઉંચી અને લગભગ ૧૫૫૦૦૦ કુલ ચોરસ ફૂટ છે. તેમાં શૈક્ષણિક અને બહુહેતુક જગ્યાઓ ઉપરાંત લગભગ ૧૮૦ શયનખંડ છે.

કોર્નેલ ટેક ખાતેના ટાટા ઈનોવેશન સેન્ટરનું નામ રતન ટાટાના નામ પરથી રાખવામાં આવ્યું છે, અને રૂઝવેલ્ટ આઈલેન્ડ કેમ્પસમાં એક બિલ્ડિંગમાં શિક્ષણવિદો અને ઉદ્યોગોનું મિશ્રણ કરે છે. સાત માળનું માળખું મુખ્યત્વે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફ માટે બિઝનેસ ઈક્યુબેટર તરીકે છે, જેમાં ૭૦% ઈમારત વ્યાપારી રીતે ભાડે આપવામાં આવી છે અને ૩૦% શૈક્ષણિક જગ્યાને સમર્પિત છે.ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)એ જગ્યા માં ભાડૂત છે.

ટીસીએસએ કાર્નેગી મેલોન યુનિવર્સિટીને જ્ઞાનાત્મક પ્રણાલી ઓ અને સ્વાયત્ત વાહનોના સંશોધન માટેની સુવિધા માટે કંપની દ્વારા અત્યાર સુધીનું સૌથી મોટું દાન આપ્યું છે. ટીસીએસએ ૪૮,૦૦૦ ચોરસ ફૂટની આ ભવ્ય ઈમારત માટે $35 મિલિયન નું દાન આપ્યું છે જેને ટીસીએસ હોલ કહેવામાં આવે છે. ૨૦૧૪ માં, ટાટા ગ્રૂપે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, બોમ્બેને સંપન્ન કર્યું અને મર્યાદિત સંસાધનો ધરાવતા લોકો અને સમુદાયોની જરૂરિયાતોને અનુરૂપ ડિઝાઈન અને એન્જિનિયરિંગ સિદ્ધાંતો વિકસાવવા માટે ટાટા સેન્ટર ફોર ટેકનોલોજી એન્ડ ડિઝાઈન (ટીસીટીડી) ની રચના કરી. તેઓએ સંસ્થાને ૯૫૦ મિલિયન આપ્યા જે તેના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું દાન હતું.

રતન ટાટાની અધ્યક્ષતા હેઠળના ટાટા ટ્રસ્ટ્સે અલ્ઝાઈમર રોગના કારણોના અંતર્ગત પદ્ધતિઓનો અભ્યાસ કરવા અને તેના પ્રારંભિક નિદાન અને સારવાર માટેની પદ્ધતિઓ વિકસાવવા માટે સેન્ટર ફોર ન્યુરોસાયન્સ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સને ૭૫૦ મિલિયનનું અનુદાન પ્રદાન કર્યું હતું. આ ગ્રાન્ટ ૨૦૧૪ થી શરૂ કરીને પાંચ વર્ષમાં ફેલાવવાની હતી. ટાટા ગ્રૂપે, રતન ટાટાના નેતૃત્વ હેઠળ, મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (મીત) ખાતે મીત ટાટા સેન્ટર ઑફ ટેક્નોલોજી એન્ડ ડિઝાઈન ની રચના કરી હતી, જેમાં ભારત પર પ્રારંભિક ધ્યાન કેન્દ્રિત કરીને સંસાધન-સંબંધિત સમુદાયોના પડકારોને પહોંચી વળવાના મિશન સાથે આવા દેશના દીર્ઘ દૃષ્ટા સખાવતી પદ્મભૂષણ તથા પદ્મવિભૂષણ મોંઘેરું રતન ઉદ્યોગપતિ રતન ટાટાની ચિર વિદાયથી ઉદ્યોગ જગતમાં જ નહીં રાષ્ટ્રને મોટી ખોટ પડી છે. આ દિવ્યાત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના સહ શ્રદ્ધા સુમન અર્પણ કરું છું.

## ન્યૂઝ બ્રિફ

### દ્વારકામાં અનુપમા સિરિયલના શૂટિંગને લઈને વિવાદ સર્જાયો

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૧૦ ।

દેવભૂમિ દ્વારકાના ગોમતી ઘાટ ખાતે જાણીતી હિંદી ટીવી સિરિયલના શૂટિંગ દરમિયાન ડ્રોન ઉડાવાને લઈને વિવાદ ઉભો થયો છે. આ મામલે પોલીસને જાણ થતા ઘટના સ્થળે પહોંચીને ડ્રોન જપ્ત કરીને નિર્માતાએ સિરિયલના શૂટિંગ માટે મંજૂરી લીધી છે કે નહીં તેને લઈને વધુ તપાસ શરુ કરી હતી. કોઈપણ સ્થળે ડ્રોન ઉડાવવા માટે સ્થાનિક પોલીસની પરવાનગી મેળવવી આવશ્યક હોય છે, ત્યારે દેવભૂમિ દ્વારકામાં સિરિયલના શૂટિંગ દરમિયાન ડ્રોન ઉડાડવામાં આવ્યું હતું. જેના કારણે લોકોના કુતુહલ સાથે ચર્ચા પણ જાગી હતી. પોલીસને પણ ગોમતી ઘાટ પર ડ્રોન ઉડી રહ્યું હોવાની માહિતી મળતા તાત્કાલિક પહોંચી હતી અને સિરિયલના નિર્માતા પાસે ડ્રોન ઉડાડવાની પરવાનગી છે કે નહીં તે મુદ્દે તપાસ હાથ ધરી. મળતી માહિતી પ્રમાણે ડ્રોનની મંજૂરીને લઈને સ્થાનિક પોલીસને કોઈ પ્રકારની જાણકારી ન હતી. બીજી તરફ, અનુપમા સિરિયલના શૂટિંગમાં તમામ ક્રુ મેમ્બરોએ દાવો કર્યો છે કે, તેમણે શૂટિંગ માટે ડ્રોન ઉડાવવાની મંજૂરી લીધી છે. જો કે, શૂટિંગ અંગે મંજૂરી આપવામાં આવી છે તેવું કોઈ ડોક્યુમેન્ટની સ્પષ્ટતા કરી ન હતી.

### કાર ચાલકે ગરબામાં કાર ઘુસાડી સ્પીકર તોડતા મામલો બિચક્યો

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

હાલ રાજ્યમાં પવિત્ર તહેવાર નવરાત્રિની ઉજવણી ચાલી રહી છે. આ દરમિયાન અકસ્માતોના કેસમાં પણ વધારો જોવા મળતો હોય છે. ત્યારે સુરતથી એક વિચિત્ર ઘટના સામે આવી છે. જેમાં કાર ચાલકે દારૂના નશામાં ગાડી ચલાવીને ગરબામાં ઘુસાડી દીધી હતી. જેથી ગરબામાં મૂકેલા સ્પીકર, વાયરના રોલ અને ઓડી કારને નુકસાન પહોંચાડી ભાગી ગયો હતો. ત્યારે સ્થાનિકોએ કાર ચાલકને બે મિત્રો સાથે પકડી પાડ્યો હતો. ત્યાર રોષે ભરાયેલા ટોળાએ આ ત્રણેય મિત્રોને ફટકારી કારને આગ લગાવી દીધી હતી. પ્રાપ્ત માહિતી મુજબ સુરતના અલથાણ વિસ્તારમાં નોરતાના ટાળે એક કાર ચાલકે નશાની હાલતમાં ડ્રાઈવિંગ કરી કારને ગરબા મંડળીમાં ઘુસાડી દેતાં અફરાતફરી મચી ગઇ હતી. કાર ચાલકે ગરબાના સ્થળે મૂકેલા સ્પીકર, વાયરના બંડલ સહિત ઓડી કારને નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ કાર ચાલક અકસ્માત સર્જી પોતાના બે મિત્રો સાથે ઘટનાસ્થળેને નાસી છૂટ્યો હતો. જોકે સ્થાનિક રહીશોએ આ ત્રણેયને હાઈવે પરથી પકડી પાડી મેથીપાક ચખાડ્યો હતો.

## પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્રએ અમદાવાદ-મહેસાણા-વરેઠા સેક્શનનું નિરીક્ષણ કર્યું







। અમદાવાદ, તા.૧૦ ।

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્રએ અમદાવાદ મંડળના અમદાવાદ-મહેસાણા-વડનગર સેક્શનનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે અમદાવાદ-મહેસાણા-વરેઠા સેક્શનની વિન્ડો ટ્રેલિંગ સંરક્ષા નિરીક્ષણ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કામો, રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, મહત્વના અને નાના પુલ,પોઈન્ટ ક્રોસિંગ વગેરેનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું અને સંબંધિત અધિકારીઓને સંરક્ષા સંબંધિત વિવિધ પાસાઓની સમીક્ષા કરી હતી. અને યોગ્ય સૂચનાઓ આપી. શ્રી મિશ્રએ મહેસાણા, વડનગર અને વરેઠા સ્ટેશન પર પેસેન્જર સુવિધાઓનું પણ નિરીક્ષણ કર્યું હતું. ગુજરાત સરકાર દ્વારા વિકસાવવામાં આવી રહેલા પ્રવાસી કોરીડોર હેઠળ શ્રી મિશ્રએ વડનગર સ્ટેશન સ્થિત આર્ટ ગેલેરી, કાફેટેરિયા અને પ્રેરણા સ્કૂલની મુલાકાત લીધી હતી. જનરલ મેનેજર શ્રી મિશ્રએ રેલ્વે દ્વારા લોજિસ્ટિક પરિવહન સુવિધાઓમાં વધારો માટે મહેસાણા સ્થિત દૂધ સાગર ડેરીના ચેરમેન શ્રી અશોક ચૌધરી સાથે સૌજન્ય મુલાકાત લીધી હતી. આ દરમિયાન અમદાવાદના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્મા અને અમદાવાદ ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

### રાવણ બનાવવા ખાસ ઉત્તરપ્રદેશથી કારીગરોને બોલાવાયા

## રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં દશેરાએ આશરે ૬૦ ફૂટ ઊંચા રાવણનું દહન થશે

### આ વર્ષે રાવણ દહન સાથે આતશબાજી ઉપરાંત લેસર-શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે : આ સાથે જ શસ્ત્ર પૂજનની પરંપરા પણ જાળવવામાં આવનાર છે

। (એજન્સી) રાજકોટ,તા.૧૦ ।

રાજકોટની રંગીલી પ્રજા ૬૦ ફૂટ ઊંચા રાવણનું દહન કરીને દશેરાની ઉજવણી કરશે. રાવણનું આટલું મોટું પૂતળું બનાવવા માટે ઉત્તરપ્રદેશથી ખાસ ૨૫ જેટલા કારીગરો બોલાવાયા છે. મળતી માહિતી મુજબ, રાજકોટમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રેસકોર્સ ગ્રાઉન્ડમાં છેલ્લાં ૨૮ વર્ષથી રાવણ દહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ દશેરાએ સાંજે સાત વાગ્યે રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે રાવણ દહનનાં કાર્યક્રમનું આયોજન થયું છે. આ માટે જુદા જુદા ત્રણ પૂતળાનું નિર્માણ યુપીનાં ખાસ કારીગરો દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે રાવણ દહન સાથે આતશબાજી ઉપરાંત લેસર-શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જ શસ્ત્ર પૂજનની પરંપરા પણ જાળવવામાં આવનાર છે.આયોજક નિતેશ કથીરિયાએ સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, દશેરાનાં પવિત્ર દિવસે આસુરી શક્તિનાં વિનાશ માટે પ્રતિ વર્ષ વિહિપ દ્વારા રાવણ દહનનો કાર્યક્રમ યોજાય છે. ચાલુ વર્ષે યોજાનાર આ કાર્યક્રમ માટે રાક્ષસનું પૂતળું બનાવવા ઉત્તરપ્રદેશના ૨૫ જેટલા કારીગરો આવે છે. જેની અઠવાડિયાની મહેનતના અંતે એક મોટું ૬૦ ફૂટનું અને ૩૦-૩૦ ફૂટના બે નાનાં મળી કુલ ત્રણ પૂતળાં તૈયાર થયાં છે. જેનું રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે દહન કરવામાં આવશે. આ વખતે આ કાર્યક્રમ ૧૨ ઓક્ટોબરને શનિવારે સાંજે ૭ વાગ્યે યોજાશે.

### હુમલાની બીકે આરોપીઓને વેનમાં પૂરી રખાયા

## ભાયલી સામુહિક દુષ્કર્મ કેસમાં આરોપીઓ વધુ ૪ દિવસ રિમાન્ડ પર

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

વડોદરાના ભાયલીના સામૂહિક દુષ્કર્મ કેસના આરોપીઓના રિમાન્ડ પૂરા થતા આજે તેમને કોર્ટમાં રજૂ કરાયા હતા. કેસને લગતી વધુ માહિતી મેળવવા અને પૂછપરછ માટે પોલીસે આરોપીઓના સાત દિવસના રિમાન્ડની માગ કરી હતી. જેમાં કોર્ટે આરોપીઓના વધુ ચાર દિવસના રિમાંડ મંજૂર કર્યા છે. બીજી તરફ આરોપીઓ પર ઈન્ક એટેક થવાની બાતમીના આધારે પોલીસે આરોપીને વેનની બહાર કઢ્યા નહોતા. આરોપીઓને પહેલીવાર જ્યારે રિમાન્ડ માટે રજૂ કરાયા ત્યારે કોર્ટમાં તેમના પર ટપલીદાવ થયો હતો. જ્યારે આજે પોલીસને માહિતી મળી હતી કે આરોપીઓ પર વકીલો સહી નાખીને વિરોધ કરશે. જેને લઈને પોલીસે આરોપીને કોર્ટ પરિસરમાં વેનમાં જ પૂરી રાખીને રિમાન્ડ મેળવી સીધા પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. ભાયલી સામૂહિક દુષ્કર્મના આરોપીઓના રિમાન્ડ આજે પૂરા થતા કોર્ટમાં રજૂ કરીને વધુ રિમાન્ડ મેળવાયા છે. જેમાં આરોપીઓ આગામી ૧૪ ઓક્ટોબર સુધી રિમાન્ડ પર મોકલાયા છે. પોલીસ દ્વારા વધુ તપાસ અને પુરાવા એકઠા કરવા માટે સાત દિવસના રિમાન્ડની માંગણી કરાઈ હતી. તેવામાં કોર્ટ દ્વારા આરોપીઓના વધુ ૪ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે.

### કચ્છના માતાના મઢનો પત્રીવિધિ પૂજા વિવાદ

## રાજ પરિવારના હનુવંતસિંહ જાડેજા જ પત્રીવિધિ કરશે : ગુજરાત હાઈકોર્ટ

। (એજન્સી) કચ્છ, તા.૧૦ ।

કચ્છના રાજવી પરિવાર વચ્ચે છેલ્લા ઘણાં સમયથી ચાલતા પત્રીવિધિ વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે આદેશમાં સ્પષ્ટ કહી દીધું છે કે રાજ પરિવારના હનુવંતસિંહ જાડેજા જ પત્રીવિધિ કરશે. આ ચુકાદો પ્રાગમલજી ત્રીજાના પત્ની મહારાણી પ્રીતિદેવીની તરફેણમાં આવ્યો હતો. નોંધનીય છે કે, કચ્છમાં આવેલા માતાના મઢમાં નવરાત્રિમાં આઠમના દિવસે થતી પત્રીવિધિનું ઘણું મહત્વ છે અને તે વિધિ કોણ કરે તેને લઈને ઘણા સમયથી વિવાદ ચાલતો હતો. કચ્છના રાજવી પરિવારનાં સ્વર્ગસ્થ જયેષ્ઠ યુવરાજ પ્રાગમલજી ત્રીજાએ પત્રીવિધિને લઈને લખપત-દયાપરની કોર્ટમાં વર્ષ ૨૦૧૦માં અપીલ કરીને માગ કરી હતી કે, ’માતાના મઢ ખાતે આવેલા કચ્છનાં દેશદેવી એવા કુળદેવી મા આસાપુરાના મંદિરમાં તેઓ અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિને ચામર-પત્રીવિધિ કરવા દેવામાં આવે.’ આ મામલામાં દયાપરની કોર્ટે ચુકાદો આપ્યો કે, વિધિ માટે પ્રાગમલજી કોઈને અધિકાર કે નિયુક્ત કરી શકશે નહીં, જો કે, પ્રાગમલજી પોતે વિધિ કરી શકે છે. આ પછી ભુજની ડિસ્ટ્રીકટ કોર્ટમાં પ્રાગમલજી દ્વારા માતાના મઢ મંદિરના પૂજારી યોગેન્દ્રસિંહજી ગુરુ કરમશી રાજાબાવા સહિત દેવેન્દ્રસિંહજી જાડેજા અને હનુવંતસિંહ જાડેજા વિરુદ્ધ અપીલ કરવામાં આવી હતી. જો કે, તેવામાં પ્રાગમલજી ત્રીજાનું નિધન થતા તેમના પત્ની મહારાણી પ્રીતિદેવીએ ભુજ કોર્ટમાં કેસ સંબંધિત અપીલ કરી. સ્વ. પ્રાગમલજી ત્રીજાએ તેમની હયાતીમાં ઈન્દ્રજીતસિંહ જાડેજા, મયુરધ્વજસિંહ જાડેજા અને દેવપરના કૃતાર્થસિંહ જાડેજાની કુંવર તરીકેની જાહેરાત કરી હતી. તે પણ આ મામલે પક્ષકાર તરીકે જોડાયા હતા. પરંતુ કોર્ટ દ્વારા ત્રણેયની અપીલ કાઢી નાખી હતી. અને આજીવન ચામર પત્રીવિધિ માટે પ્રીતિદેવીને હક હોવાનો ચુદાકો આપ્યો. કચ્છ-ભુજ આશાપુરા માતાજીના મંદિર ખાતે નવરાત્રિના પાવન પર્વના નવ દિવસ હોમ હવન કરવા ઉપરાંત, આઠમના રોજ પત્રીવિધિ કરવામાં આવે છે. આ દિવસે માતાજીની પૂજા અર્ચના કરવા માટે રાજપરિવારના મહારાવ સૂર્યોદય પહેલાં ચાચરકુંડમાં સ્નાન કરે છે. આ પછી આશાપુરા માતાના મંદિરમાં માતાજીના જમણા ખભા ઉપર ભુવો પત્રી છોડના પાંદડાનો એક ઝુમખો બનાવીને રાખે છે. આ દરમિયાન ડાક-ઝાંઝ વગાડવાની સાથે મહારાજા પછેડીનો પાથરી પત્રી મેળવવા માતાજીને રિઝવે છે.

### નવરાત્રીના અંતિમ દિવસોમાં વિઘ્ન બન્યો વરસાદ

## ગીર સોમનાથ, ભાવનગર તેમજ અમરેલીમાં મેઘરાજાએ બોલાવી રમઝટ

### રાજ્યમાં હજુ ચાર દિવસ વરસાદી માહોલ રહેશે

। (એજન્સી) ભાવનગર, તા.૧૦ ।

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં ફરી વરસાદી માહોલ જામ્યો છે. નવરાત્રીના અંતિમ દિવસોમાં વરસાદે તોફાની બેટીંગ કરતા ખેલૈયાઓની મજા બગડી ગઈ છે અને ગરબા આયોજકોની ચિંતા વધી છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં હજુ ચાર દિવસ વરસાદી માહોલ રહેશે. સૌરાષ્ટ્રની વાત કરીએ ભાવનગરના મહુવાના ગ્રામ્ય વિસ્તાર ઊંચા કોટડા અને નીચા કોટડાના ગામોમાં વરસાદ પડ્યો. આ તરફ અમરેલીના ખાંભા શહેર તેમજ ગામ્ય વિસ્તાર નાનુડી, ભાડ, ઈંગોરાળા વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો. પવન અને વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ વરસતા હવે ગરબાની મજા બગડી છે. જાફરાબાદ શહેરમાં ભારે પવન સાથે વરસાદ પડતા બજારોમાં પાણી ભરાવાની શરૂઆત થઈ ગયા છે. રાજુલાના નાગેશ્રી, મીઠાપુર, બાલાનીવાવ, ભટવદરમાં પણ વરસાદે બેટિંગ કરી હતી. ગીર સોમનાથના કોડીનારમાં અડધો કલાકમાં બે ઈંચથી વધુ વરસાદ પડતા રસ્તાઓ પર વરસાદી પાણી ભરાયા. રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે. નવરાત્રિ દરમિયાન આવેલા વરસાદે ખેલૈયાઓની મજા જરૂર બગાડી મુકી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ચાર દિવસ સુધી રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડી શકે છે. આગામી ૪૮ કલાક એટલે દશેરા સુધી ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે. જે બાદ જ વરસાદની રાહત મળવાની શકયતાઓ છે.

### શહેરમાં ચાલી રહેલા ગરબા દરમિયાન ફાયરિંગ થયું

## ઓગણજના મંડળી ગરબામાં સવારે ૬:૧૫ કલાકે બે જૂથો વચ્ચે સામસામે અથડામણ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદમાં ચાલી રહેલા ગરબા દરમિયાન ફાયરિંગની ઘટના બની હતી. ઓગણજના મંડળી ગરબામાં સવારે સવા છ વાગે કે બે જૂથો વચ્ચે સામસામે અથડામણ થતાં અજાણ્યા શખ્સોએ હવામાં ફાયરિંગ કર્યું હતું. શહેરમાં ચાલી રહેલા ગરબા દરમિયાન ફાયરિંગ થયું હતું. ઓગણજના પ્રખ્યાત ગરબા મંડળમાં સવારે સવા છે વાગે બે જૂથ વચ્ચે અથડામણ થયા બાદ અજાણ્યા લોકોએ હવામાં ગોળીબાર કર્યો હતો. મોડી રાત્રે મંડળી ગરબામાં બે જૂથો વચ્ચે બોલાચાલી અને મારામારી થઈ હતી. જેમાં ૭૦ જેટલા લોકોએ ૧૦ યુવકોને માર માર્યો હતો. સિક્યોરિટી ગાર્ડે એક રાઉન્ડ ફાયરિંગ કર્યું, જે બાદ વિવાદ વધી ગયો. ઘટના બાદ સોલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો. અમદાવાદ શહેરમાં ચાલી રહેલા ગરબા દરમિયાન ફાયરિંગની ઘટના બની હતી. ઓગણજમાં આયોજિત મંડળી ગરબામાં ફાયરિંગ થયું હતું. વહેલી સવારે બે જૂથ વચ્ચે અથડામણ બાદ અજાણ્યા શખ્સોએ હવામાં ગોળીબાર કર્યો હતો. ફાયરિંગની ઘટના બાદ મંડળી ગરબાના આયોજકોએ ગરબા અટકાવવા પડ્યા હતા. ફાયરિંગ સમયે ઘણા લોકો ગરબા રમી રહ્યા હતા. હાજર સુરક્ષાકર્મીઓએ ગરબા સ્થળ પરથી ફાયરિંગ કરનારાઓનો પીછો કર્યો હતો.

### સુમસાન સ્થળો પર વધાર્યું પેટ્રોલિંગ

## સામુહિક દુષ્કર્મ કેસ બાદ સુરત પોલીસનું મોટું એક્શન

### સામૂહિક દુષ્કર્મની ઘટના બાદ ખેતર, ઝાડી ઝાંખરા સહિત સુમસાન સ્થાન પર તાત્કાલિક અસરથી પેટ્રોલિંગ વધારાયું

। (એજન્સી) સુરત, તા ૧૦ ।

વડોદરા, કોસંબામાં સામૂહિક દુષ્કર્મની ઘટના બાદ સુરત પોલીસ દ્વારા મોટું પગલું લેવાયું છે. સુરતમાં ઝાડી ઝાંખરામાં પેટ્રોલિંગ વધારી છે. પાંડેસરા પોલીસે અલગ અલગ ટીમો બનાવી ઝાડી ઝાંખરા, ખાડી, સુમસાન સ્થાન પર તપાસ હાથ ધરી છે. વડોદરા, કોસંબામાં નરાધમોએ ઝાડી ઝાંખરા, સુમસાન સ્થાન દુષ્કર્મની ઘટને અંજામ આપ્યો હતો. સુરત શહેર પોલીસે સુમસાન સ્થળો પર લાઈટ લગાવ્યા છે. ગરબા આયોજકોને ગરબા પાર્કિંગથી લઇ ગરબા સ્થળ સુધી લાઈટનાં ફોકસ લગાવવા સૂચન આપ્યું છે. પાંડેસરા, ઉધના, ડીંડોલી, લિંબાયાત, ડુમસમાં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવા આવ્યું રહ્યું છે. વડોદરા, સુરતના માંગરોળમાં બ્લાઈન્ડ સ્પોટ પર સગીરા પર થયેલી ગેંગરેપની ઘટનાના રાજ્યભરમાં પડઘા પડ્યા છે. એક તરફ નવરાત્રિ ચાલી રહી છે અને બે સગીરા ગેંગરેપનો ભોગ બની છે. ત્યારે ગુજરાતના સુરત શહેરમાં પોલીસે આવા ૧૦૦ જેટલા બ્લાઈન્ડ સ્પોટ આઈડેન્ટીફાય કર્યા છે. જ્યારે તમામ પોલીસ સ્ટેશનના પીઆઈને બ્લાઈન્ડ સ્પોટ નક્કી કરી પેટ્રોલિંગ વધારવા અને સ્ટાફ સાથેં ઝઈ વાન સ્ટેન્ડબાય રાખવાની સૂચના આપવામાં આવી છે. શહેરના પાંડેસરા પોલીસ દ્વારા વડોદ ગામ ખાતે અવવારું સ્થળો પર ખાસ પેટ્રોલિંગ હાથ ધરી છે. પાંડેસરા પી.આઈ એચ એમ ગઢવીએ પોલીસ વિભાગની અલગ અલગ ટીમોને સાથે રાખી ઝાડી ઝાંખરા, ખાડી સુમસાન સ્થળો પર તાપસ હાથ ધરી હતી. સાથે જ જરૂરી સ્થળો પર તાત્કાલિક ધોરણે લાઈટનાં પોલ લગાવવા સૂચના આપી હતી. મહત્ત્વની વાત એ છે કે બરોડા અને સુરતના માંગરોળ બનેલ દુષ્કર્મની ઘટનામાં નરાધમ આરોપીઓએ ઝાડી ઝાંખરા, સુમસાન સ્થાન પર દુષ્કર્મની ઘટનાની અંજામ આપ્યો હતો. ત્યારે નવરાત્રિના પર્વને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા આવા સ્થળો પર ખાસ પેટ્રોલિંગ કરવામાં આવી રહી છે. શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે જણાવ્યું હતું કે, નવરાત્રિ પહેલાથી જ અમે તમામ તૈયારીઓ કરી લીધી હતી. સુરત મહાનગર પાલિકા સાથે મળીને આવા તમામ વિસ્તાર કે જ્યાં અવાવરું જગ્યા છે. જ્યાં લોકોની અવર-જવર નથી અને અંધારું રહે છે તેવા વિસ્તારમાં તાત્કાલિક ધોરણે અમે સ્ટ્રીટ લાઈટ લગાવડાવી છે. જેથી રોશની રહે. આ સાથે પાર્કિંગ કરનાર લોકોને પણ સૂચના આપવામાં આવી છે. જ્યાં સુધી લોકો ઘરે ન પહોંચી જાય ત્યાં સુધી પોલીસ સતત પેટ્રોલિંગ કરે છે. ખાસ કરીને આવા વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. પીસીઆર વાન સહિત ઉચ્ચ અધિકારીઓ સતત પેટ્રોલિંગ કરે છે. અલગ અલગ ટીમો બનાવીને દરેક પોલીસ સ્ટેશનમાં આવા વિસ્તારોની મુલાકાત લેવામાં આવે છે.

## અમદાવાદ જિલ્લાની શાળાઓમાં પ્રશ્ન મંચ (ક્વિઝ) અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો





। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગ સ્વરૂપે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા જિલ્લાની શાળાઓમાં ‘ગુજરાતની વિકાસગાથા’ વિષય પર આધારિત પ્રશ્ન મંચ (ક્વિઝ) કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રશ્ન મંચ (ક્વિઝ) કાર્યક્રમમાં જિલ્લાની ૩૪૮ શાળાઓમાં ૫૨૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતની વિકાસગાથા પર આધારિત અલગ અલગ ક્વિઝ યોજવામાં આવી હતી તેમજ શાળાના બાળકોને ગુજરાતની વિકાસગાથા પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સાથે જ, જિલ્લાની શાળાઓમાં ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર સમા ગરબાનું પણ વિકાસ સપ્તાહ અંતર્ગત આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા કાર્યક્રમમાં ૫૬૩ શાળાઓમાં ૭૦૩૭૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### ઝડપથી ચાર્જશીટ ફાઈલ કરવાના પ્રયાસ

## માંગરોળ સામૂહિક દુષ્કર્મની ઘટનાના એક આરોપીનું મોત

### નવી સિવિલ હોસ્પિટલમાં આ આરોપીને ફોરેન્સીક મેડિકલ ચેકઅપ લઈ ગયા બાદ તેનું મોત થયું હતું

। (એજન્સી) સુરત, તા ૧૦ ।

સુરતના માંગરોળમાં સામુહિક દુષ્કર્મની ઘટનાથી ચકચાર મચી ગઈ હતી. ૯ ઓક્ટોબરે આ ઘટનાના ત્રણ આરોપીમાંથી બે નરાધરમ મુન્ના કરબલી પાસવાન અને શિવ શંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયાની પોલીસે ધરપકડ કરી હતી. જેમાં તેમને શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં આ આરોપીને ફોરેન્સીક મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન શિવ શંકરને શ્વાલ લેવામાં તકલીફ થતા તેનું મોત થયું છે.

માંડવીના તડકેશ્વર ગામે આરોપીઓ છૂપાયા હોવાની બાતમી સુરત ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. ત્યારબાદ આ જગ્યાએ પોલીસ પહોંચી તો ત્રણેય આરોપીએ પોલીસને જોઈને ભાગવા લાગ્યા હતા. જેને લઈને પોલીસે ફાયરિંગ કરવું પડ્યું હતું. જેમાં કોઈને ઈજા નથી થઈ. આ દરમિયાન પોલીસે બે આરોપીને ઝડપી પાડ્યા હતા. જ્યારે એક ફરાર થયો છે, જેને પકડવા કામગીરી ચાલુ છે. મળતી માહિતી અનુસાર, ઝડપાયેલા આરોપીઓમાં એક ઉત્તર પ્રદેશ અને બીજો બિહારનો રહેવાસી છે. જ્યારે અન્ય એક ફરાર આરોપી ઉત્તર પ્રદેશનો છે.

સુરત નજીક આવેલા માંગરોળના મોટા બોરસરાં ગામે આઠમી ઓક્ટોબરે મોડી રાત્રે બાઇકમાં પેટ્રોલ પુરૂ થઇ જતાં એક ૧૭ વર્ષીય સગીરા પોતાના મિત્ર સાથે રાત્રે પોણા અગિયારથી સવા અગિયાર દરમિયાન મોટા બોરસરાં ગામની સીમમાં બેઠી હતી. ત્યારે અચાનક ત્રણ નરાધમો આવી પહોંચ્યા હતા. જેથી પીડિતા અને મિત્રએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં પીડિતાનો મિત્ર ભાગવામાં સફળ થયો હતો. આ દરમિયાન સગીરાના મિત્રનો ફોન પણ ઝૂંટવી લીધો હતો. ત્યારબાદ આ નરાધમોએ વારાફરતી સગીરાને પીંખી હતી અને તેને અર્ધનગ્ન હાલતમાં મૂકીને ભાગી ગયા હતા. જોકે સગીરાના મિત્રએ ગ્રામજનોની મદદ માંગી અને સગીરાને અર્ધનગ્ન હાલતમાં હોસ્પિટલમાં ખસેડી હતી. ઘટનાની જાણ થતાં રેન્જ આઈજી, જિલ્લા પોલીસ વડા, એલસીબી, એસઓજી સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ ઘટનાની તપાસ કરવા માટે પોલીસ ડૉગ સ્ક્વોડની મદદ લેવાઈ. પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવીના આધારે પણ શોધખોળ શરૂ કરી હતી. પોલીસને જે બાઈક મળી છે તેના આધારે બે આરોપીની ઓળખ કરી લેવાઈ હતી. સધન તપાસ બાદ બે આરોપીને દબોચી લેવાયા છે, જ્યારે એક ભાગવામાં સફળ રહ્યો છે. ત્યારે પકડાયેલા બન્ને આરોપીઓની પૂછપરછમાં ત્રીજા આરોપીની પણ ખુલાસો થશે. પોલીસે સગીરાના મિત્રને સાથે રાખીને ઘટનાસ્થળેથી જરૂરી પુરાવા એકત્ર કર્યા છે. તેમજ FSLની ટીમ પણ હાલ સ્થળ પર તપાસ કરી રહી છે.